

હે પ્રભુ! મેં પરને પોતાનું માન્યું અને સ્વને ભૂલી ગયો એ મહા અપરાધની હે નાથ! ક્ષમા કરજો—એમ પોતાના આત્મા પાસે ક્ષમા માગવાની છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

卐

કહાન સંવત–૧૦ □ (૫૬૩) ✻ આત્મધર્મ ✻ (અંક–૩ વર્ષ–૪૭) □ વીર સં. ૨૫૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૦

# * આગમ મહાસાગરનાં આણમૂલાં રત્નો *

* ગર્ભથી લઈને છેક મરણાંત સુધી આ શરીર નિરર્થક ક્લેશ, અપવિત્રતા, ભય, તિરસ્કાર અને પાપથી ભરપૂર હોય છે—આમ વિચારી સમજવાન પુરુષોએ એવા વિટંબનાપૂર્ણ શરીરનો સ્નેહ સર્વથા ત્યજવા યોગ્ય છે. જો નશ્વર અને કેવળ દુઃખપૂર્ણ શરીર ઉપરનું મમત્વ છોડવાથી આત્મા ખરેખર મુક્તદશાને પ્રાપ્ત થતો હોય તો જગતમાં એવો કોણ મૂર્ખ છે જે તેના ત્યાગ ભણી પ્રમાદ કરે? શરીર એ ખરેખર દુષ્ટ મનુષ્યના મેળાપ જેવું છે. ૨૪૦. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૦૫)

* જેમ કોઈ જીવને અશુભ કર્મના ઉદયે રોગ, શોક, દારિદ્ર આદિ હોય છે, તેને જીવ છોડવાને ઘણુંય કરે છે, પરંતુ અશુભ કર્મના ઉદયે છૂટતાં નથી, તેથી ભોગવવાં જ પડે; તેમ સમ્યગ્દષ્ટિ જીવને, પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ-અસાતારૂપ કર્મ, તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે, છોડવાને ઘણુંય કરે છે, પરંતુ જ્યાં સુધી ક્ષપકશ્રેણી ચડી ન શકે ત્યાં સુધી છૂટવું અશક્ય છે, તેથી પરવશ થયો ભોગવે છે, હૃદયમાં અત્યંત વિરક્ત છે, તેથી અરંજિત છે. ૨૪૧. (શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૫૨)

* સત્પુરુષોંકે ઉપદેશકા એક અક્ષર હી મુક્તિકા બીજ હોતા હૈ. ક્યોંકિ સદુપદેશકે પ્રાપ્ત હોનેસે સ્વપ્નમેં ભી મનુષ્યકો કુબુદ્ધિકા પ્રાદુર્ભાવ નહિ હોતા. ૨૪૨. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩૮)

* હે સંસારી જીવો! જેને તમે કહો છો કે આ અમારું ધન છે, તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાંખવામાં આવે તેમ છોડી દે છે અને પછી ગ્રહણ કરતાં નથી. જે ધન તમે પુણ્યના નિમિત્ત મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે અને પછી નરકમાં નાંખનાર છે અર્થાત્ પાપરૂપ છે, તમને એનાથી આંખોનું સુખ દેખાય છે તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખી ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં પણ સંસારી જીવો સંસારથી વિરક્ત થતાં નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે. ક્ષણમાત્ર પણ શાતા નથી. ૨૪૩. (શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૪૪)

કહાન સંવત-૧૦ વર્ષ-૪૭ અંક-૩ [૫૬૩]




વીર સંવત ૨૫૧૬ સં. ૨૦૪૬ SEP. A.D. 1990

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# નમસ્કારયોગ્ય સ્વાનુભવી સંતોની દશા

[ શ્રી નાટક સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૩ ]

શ્રી નાટક સમયસારશાસ્ત્રના મંગલાચરણના આ શ્લોકો ચાલે છે. પ્રથમ અરિહંત અને સિદ્ધભગવાનની સ્તુતિ કરી. હવે સાધુ મહારાજની સ્તુતિ કરતાં પં. બનારસીદાસજી લખે છે :—

ग्यानको उजागर सहज–सुखसागर,
सुगुन–रतनागर विराग–रस भर्यौ है।
सरनकी रीति हरै मरनको न भै करै,
करनसौं पीठि दे चरन अनुसर्यौ है॥
धरमको मंडन भरमको विहंडन है,
परम नरम ह्वैकै करमसौं लर्यौ है।
ऐसौ मुनिराज भुवलोकमैं विराजमान,
निरखि बनारसी नमस्कार कर्यौ है॥५॥

પં. બનારસીદાસ સાધુ મહાત્માનું સ્વરૂપ બતાવીને સાધુનું સ્મરણ કરીને નમસ્કાર કરે છે. સાધુ જ્ઞાનના ઉજાગર છે એટલે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો પ્રકાશ કરનારા છે. સાધુને રાગની ક્રિયા હોય કે શાસ્ત્રની પ્રરૂપણા હોય છે તેની વાત નથી લીધી, કેમ કે

એ કાંઈ સ્તુતિને યોગ્ય ભાવ નથી, એ તો ઉપાધિરૂપ છે. સાધુ તો તેને કહીએ કે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા–ચૈતન્યના પૂરના સ્વરૂપને પ્રકાશે છે, વિકાસે છે, ઉદ્યોત કરે છે એટલે કે અંતરમાં એકાગ્ર થઈને સાધુ જ્ઞાનને વિશેષ ઉજાળે છે, નિર્મળ કરે છે.

સાધુ સહજ–સુખ-સાગર છે. સંસારી એને કહીએ કે જે રાગ, દ્વેષ અને અજ્ઞાનને વેદે છે. તેથી તે અજ્ઞાની દુઃખના સાગરમાં ડૂબેલો છે. તેને અંતરના સુખસાગરની ખબર જ નથી અને સાધુને તો વર્તમાન પર્યાયના કાંઠે અગાધ સુખસમુદ્ર ઊછળી રહ્યો છે. સાધુ તો પોતે સુગુણરત્નાકર છે. સમ્યગ્દર્શન આદિ અનંત ગુણોના રત્નસ્વરૂપ સાધુ છે. જેને આત્મા શું છે, કેવો છે, તેમાં શું ભર્યું છે એ કાંઈ ખબર ન હોય અને સાધુ થઈ જાય તો એમ કાંઈ સ્વરૂપના ભાન વગર સાધુ ન થવાય.

અસ્તિથી કહ્યું કે સાધુ સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા આદિ ગુણોના રત્નાકર છે. સાધુની વર્તમાન દશાના કાંઠે અનંત ગુણો ઊછળી રહ્યા છે અને નાસ્તિથી કહીએ તો મુનિરાજ રાગથી રહિત છે તથા જગતથી ઉદાસ છે ઉપરથી ઈન્દ્રની ઈન્દ્રાણીઓ આવે તોપણ મુનિનું લક્ષ તેના તરફ જતું નથી. બધેથી ઉદાસ એવા સાધુ વૈરાગ્યરસથી ભરેલા છે. આનું નામ 'સાધુ'!

सरनकी रीति हरै — જેણે મર્યાદા વિનાના અપરિમિત ગુણોના સાગરનું શરણ લીધું છે તેને કોઈ બહારના શરણની જરૂર નથી. લોકો પૈસાવાળાનું શરણ લે છે પણ મુનિને તો જેમ કળી ખીલે તેમ આત્માના ગુણોની કળી ખીલી ગઈ છે તેના શરણ પાસે બહારના કોઈ શરણની ચાહના જ નથી. બહારમાં તો બધું અશરણ છે.

અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્ કહે છે ને! પણ જેને અંતરસ્વરૂપનું શરણ પ્રગટ્યું છે, અનંત ગુણનો બગીચો ખીલી ઊઠ્યો છે તેને કોઈ પરનું શરણ નથી, શરણની ચાહના નથી.

મુનિને મરણનો ભય પણ હોતો નથી. જગતના જડ–તત્ત્વો સંબંધમાં રહેલા છે તેની સ્થિતિ પૂરી થાવ તો ભલે થાવ મારે તેની સાથે કોઈ સંબંધ નથી. શ્રીમદ્ લખે છે ને—

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ–સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે!

ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં મુનિપણાની આવી ભાવના ભાવે છે. મારે શરીર જોઈતું નથી અને સિંહ આવીને ખાઈ જાય તો એ તો મારો મિત્ર થયો, તેનાથી મને

ડર નથી. અહો! સંતો આવા નિર્ભય અને સમતારસના પિંડ હોય છે. આવી સંતની દશા અમને ક્યારે પ્રગટે! એમ ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહેતાં છતાં ભાવના ભાવે છે. અહીં તો એવી સાક્ષાત દશા જેને પ્રગટ થઈ છે એવા સંત-મુનિરાજની જ સ્તુતિ છે.

करनसौं पीठि दे એટલે પાંચ ઈન્દ્રિયને મુનિએ પીઠ દઈ દીધી છે-ત્યાંથી પાછા હટી ગયા છે અને चरन अनुसर्यौ है—અતીન્દ્રિય શાંતસ્વરૂપનું ચારિત્ર આદર્યું છે. આનંદના નાથની રમણતાને અનુસર્યા છે. જુઓ આ સાધુ! અહીંયા ક્યાંય અઠ્યાવીસ મૂળગુણ અને પંચમહાવ્રત પાળે તે સાધુ એ વાત ન આવી. સાધુને એવા શુભવિકલ્પો હોય છે પણ તે કાંઈ ગુણરૂપ નથી. જે આનંદના ધામને અનુસરીને સ્વરૂપમાં સ્થિર થયા છે તે સાધુ છે. એવા સાધુ-મુનિરાજને યાદ કરીને વંદન કરે છે.

આહાહા! ધર્મનો જેને શણગાર છે તે સાધુ છે. દર્પણમાં જોઈને શરીરને ટાપટીપ કરવાથી આત્માની શોભા વધતી નથી. આત્માની શોભા તો ધર્મથી છે. સાધુ આવા ધર્મથી શોભે છે અને એવા સાધુથી ધર્મની શોભા છે.

भरमको विहंडन हैं। સાધુ-મુનિરાજે ભ્રમણાનો ટો વિશેષ પ્રકારે નાશ કરી નાંખ્યો છે. બહારમાં ક્યાંય સુખ છે કે આશ્રયસ્થાન છે એવી ભ્રમબુદ્ધિનો સાધુએ નાશ કર્યો છે.

બનારસીદાસજી કવિ હતાં ને! એટલે જુઓને ભાષા કેવી વાપરી છે. પહેલાં શૃંગારી હતાં ત્યારે તેના કાવ્યો રચતાં, પછી ધર્મમાં વળ્યાં એટલે આવા કાવ્યો લખ્યાં. અર્ધકથાનકમાં પોતે પોતાનો બધો ઈતિહાસ લખ્યો છે.

અહીં કહે છે કે મુનિરાજે પરમ નરમ થઈને એટલે તદ્દન અકષાયસ્વભાવના આશ્રયે કરમ સાથે લડાઈ માંડી છે. વિકલ્પને ઉત્પન્ન થવા દેતા નથી. આહાહા....! અંદરમાં ભગવાનનો ભેટો થયો છે ને! તેની સાક્ષીમાં અને શરણમાં જઈને કર્મ સાથે તો યુદ્ધ માંડયું છે. કરમને હરાવે છે અને પોતે જીતી જાય છે.

જુઓ! આવા સાધુ હોય. માથું મુંડાવીને, અમુક ક્રિયા-કરીને સાધુપણું મનાવે છે એ તો સાધુને કલંક લગાડે છે. સાધુપદ તો પરમેશ્વરપદ છે.

'માણસ હોના મુશ્કેલ હૈ, તો સાધુ કહાંસે હોય?
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.'

જેની અંતરની દશા અતીન્દ્રિય આનંદ અને શાંતિથી ઊછળી રહી છે એવા મુનિરાજ આ પૃથ્વીલોકમાં બિરાજી રહ્યાં છે. એવા સંતને અંતરમાં જોઈને હું (બનારસીદાસ) વંદન કરું છું. જુઓ! આ પૃથ્વી પૈસાવાળાથી કે રૂપાળા માણસોથી શોભતી નથી પણ આ સંતોથી પૃથ્વી શોભે છે.

મુમુક્ષુ :— એની દૃષ્ટિ જ એવી છે ને!

પૂજ્ય ગુરુદેવ :— અરે, વસ્તુસ્થિતિ જ એમ છે. દૃષ્ટિ જુદી છે એટલે ? – વસ્તુસ્થિતિ જ એવી છે. ચૈતન્યના ઓપે આત્મા શોભી રહ્યો છે, તેમને હું નમસ્કાર કરું છું. સાધુ કહેતાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણેય પદ તેમાં આવી જાય છે.

હવે સમ્યગ્દૃષ્ટિનું વર્ણન કરીને તેને વંદન અને સ્તુતિ કરે છે. ધર્મના પહેલી સીઢીવાળા, ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ કેવા હોય તેનું વર્ણન કરે છે.

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित्त भयो जिम चंदन।
केलि करै शिवमारगमैं,
जगमाहिं जिनेश्वरके लघुनंदन ॥
सत्यसरूप सदा जिन्हकै,
प्रगटयौ अवदात मिथ्यात–निकंदन ॥
शांतदसा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसी वंदन ॥ ६ ॥

ગૃહસ્થાશ્રમમાં રહેલાં ધર્મી પણ કેવા હોય છે તેનું વર્ણન કરીને મંગલાચરણમાં સ્તુતિ અને વંદન કરતાં જાય છે. જેને નિજ–પરનો વિવેક પ્રગટ થયો હોય છે એવા ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહેલાં હોય, અરે! ચક્રવર્તી હોય તેને તો ૯૬૦૦૦ રાણી અને ૯૬ કરોડ પાયદળ હોય પણ એ હું નહિ–એ હું નહિ એવો વિવેક તેને વર્તે છે. એક સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એ હું, બાકી વિકલ્પથી માંડીને રાજપાટ, સ્ત્રી આદિ કાંઈ હું નહિ, એ મારાં નહિ અને એનામાં હું નહિ. આવી દશા સમ્યગ્દૃષ્ટિને ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે.

પહેલો જ શબ્દ વાપર્યો છે 'भेदविज्ञान' જેને સ્વ–પરનું ભેદવિજ્ઞાન થયું છે, નિજસ્વરૂપ ભગવાન ચૈતન્ય, આનંદ–જ્યોત અને પુણ્ય–પાપના વિકલ્પરૂપ વિકાર–ઝેર અને સ્ત્રી પુત્રાદિ પર–જડ તેની જુદાઈ જેણે જાણી છે તેને સમકિતી–ધર્મની શરૂઆતવાળા જ્ઞાની કહેવામાં આવે છે.

અનાદિથી તો રાગ અને શરીરને મારાં માન્યા હતાં. મારાં હતાં નહિ પણ મારાં માન્યા હતાં, તેને હવે ભેદવિજ્ઞાન દ્વારા ધર્મીએ જુદાં જાણ્યાં કે—એ શરીર, કર્મ આદિ પરચીજ છે તે મારાં અસ્તિત્વમાં નથી અને હું તેના અસ્તિત્વમાં નથી. ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હોય પણ એ કેવી! એક એક પદ્મણી જેવી સ્ત્રીઓ. તેમાં એક પટ્ટરાણીની તો એક હજાર દેવો સેવા કરતાં હોય છે પણ સમકિતી જાણે છે કે એ ચીજ અમારી નથી.

એ મારી નહિ અને અમે તેના નહિ. અમારામાંથી તે ચીજ આવી નથી. તે તેના કારણે આવીને રહેલી ચીજ છે. મારે અને તેને કાંઈ સંબંધ નથી.

भेदविज्ञान जग्यो जिन्हके घट એટલે જેના હૃદયમાં – અંતરજ્ઞાનમાં, કરવત મારતાં લાકડાના બે ભાગ જુદાં પડી જાય તેમ, ભેદજ્ઞાનરૂપી કરવત વડે સ્વ અને પર એમ બે ભાગ જુદાં પડી ગયા છે. એક તરફ પોતે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અને બીજી બાજુ પુણ્ય–પાપના વિકલ્પથી માંડીને બધી પરચીજ તેનું ભેદજ્ઞાન થઈ ગયું છે. જે મારી ચીજ હોય તે જુદી પડે નહિ અને જુદી પડે તે મારી ચીજ નહિ એવું સ્વ–પરની ભિન્નતાનું જેને ભાન થઈ ગયું છે તે ધર્મી છે.

જેમનું મન ચંદન જેવું શીતળ થઈ ગયું છે કેમ કે કષાયોનો આતાપ રહ્યો નથી. પુણ્ય–પાપની વૃત્તિઓ ઊઠે છે તે કષાયનો આતાપ છે, તેનાથી ધર્મીને ભેદજ્ઞાન થઈ ગયું છે.

અરે, જીવોને આ સત્યતત્ત્વની ખબર નથી અને ધર્મના નામે ક્યાં ક્યાં રોકાય રહે છે! દેહની સ્થિતિ તો ચાલી જાય છે, સમયે સમયે દેહની સ્થિતિ પૂરી થવા તરફ છે અને આ માને છે કે અમે આગળ વધ્યાં...ધૂળેય આગળ વધ્યા નથી ભાઈ! પાપમાં વધ્યા છો, પણ તમને તેની ખબર નથી. જે પોતાનું નથી તેને પોતાના માને છે અને જે પોતાનું છે તેને તો ઓળખતો નથી.

કષાયના ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર ભેદ છે અને તેમ તીવ્ર અને મંદ આદિના ચાર ભેદ છે, તેમાં સૌથી આકરો જે અનંતાનુબંધી કષાય કે જેના કારણે જીવ સંસારમાં રખડે છે તેનો સમ્યગ્દૃષ્ટિએ નાશ કર્યો છે. તેથી શાંત શાંત — ચૈતન્યમાંથી શીતળતા પ્રગટી છે એટલે ચંદન જેવો શીતળ થઈ ગયો છે. આ તો ચંદનની ઉપમા આપી છે. ચંદનની શીતળતા અને આત્માની શીતળતાને કાંઈ મેળ નથી. બંનેની જાત જ જુદી છે પણ બહારમાં જેની શીતળતા ઊંચી ગણાય છે તેની ઉપમા અપાય છે.

'केलि करे शिवमारगमैं' ચોથા ગુણસ્થાને ધર્મી મોક્ષમાર્ગમાં કેલી કરે છે એમ કહ્યું છે. પણ લોકોને સમ્યક્ત્વની કિંમતની ખબર જ નથી. બાહ્યક્રિયામાં હિંદુસ્તાન આખો ભરમાય ગયો છે, ધર્મના નામે ઠગાય ગયો છે, બાહ્યત્યાગમાં જ ધર્મ માની લીધો છે અને સાચા ધર્મની ખબર નથી.

અહીં કહે છે ધર્મી તો નિજ–પરનો વિવેક થવાથી મોક્ષમાર્ગમાં મોજ કરે છે. રાગાદિ આવે છે તેનો તેને પ્રેમ નથી. ધર્મીને રાગાદિ આવે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ધર્મીને તો જ્ઞાન આવે છે. ધર્મી ખાતાં, પીતાં, સૂતાં આદિ ક્રિયા કરતાં દેખાય પણ તે તો અંતરમાં મોક્ષમાર્ગમાં મોજ કરી રહ્યાં છે–કેલી કરે છે. લોકોને એમ લાગે કે આ તો અમારી કરતાં પણ વધારે સારૂં ખાય છે, પીએ છે, સારી રીતે રહે છે! ભરત ચક્રવર્તી બત્રીશ કવળનો આહાર લે તે આહાર ૯૬ કરોડ પાયદળ પણ

પચવી ન શકે. સામાન્ય માણસ ખાય તો તો મરી જ જાય એવી ઊંચી ઊંચી ભસ્મોનો બનાવેલો ખોરાક હોય. પણ ધર્મી તે ખોરાકની મોજ માણતાં નથી, એ તો ભેદજ્ઞાનની મોજ માણતાં હોય છે. સમ્યગ્દૃષ્ટિ ચાંડાલ હોય તોપણ તેને દેવ કહ્યો છે. જેમ રાખથી ભારેલો અગ્નિ દેખાતો નથી પણ એ અગ્નિ અંદરમાં પડી જ છે તેમ એ ચાંડલના શરીરની અંદર, શરીર અને ભિન્ન ચૈતન્યજ્યોતિ પડી જ છે.

સમ્યગ્દૃષ્ટિ જગતમાં દેખાય છે પણ તે જિનેશ્વરના લઘુનંદન છે. ભગવાનના નાના પુત્ર છે, તેને ભગવાનનો વારસો મળવાને વાર નથી. સાધુ કે જે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ સહિત જંગલમાં વસી રહ્યાં છે તે ઉત્કૃષ્ટ–મોટા પુત્ર છે પણ સમ્યગ્દૃષ્ટિ પણ નાના પુત્ર છે. સર્વજ્ઞના લઘુનંદન છે. સમ્યગ્દૃષ્ટિ —ચોથા ગુણસ્થાનવાળાને શ્રાવક જેટલી શાંતિ અને સંયમ નથી છતાં તેને પણ સર્વજ્ઞપુત્ર કહ્યાં છે, કેમ કે તેને કેવળજ્ઞાન પ્રગટ્યું નથી પણ કેવળજ્ઞાન પ્રગટ કરવાનું સાધન પ્રગટ થઈ ગયું છે, તેથી અલ્પકાળમાં જ સર્વજ્ઞનો વારસો લઈ લેવાના છે—થોડા કાળમાં જ અરહંતપદ પ્રાપ્ત કરનારા છે. જ્ઞાન અને રાગની ભિન્નતા શરૂ થઈ ગઈ છે તે અલ્પકાળમાં જ પૂર્ણપણે જુદાં પડી જવાના છે.

સત્યસ્વરૂપ એટલે સમ્યગ્દર્શન. પુણ્ય–પાપના રાગ–વિકલ્પથી રહિત શુદ્ધ આનંદકંદનું સમ્યક્–સત્ય દર્શન જેને થયું છે. જેના જ્ઞાનમાં સદાય સત્યસ્વરૂપનો અનુભવ અને પ્રતીતિ વર્તે છે અને મિથ્યાત્વનું તો જેણે નિકંદન કરી નાખ્યું છે. વસ્તુનું સ્વરૂપ આમ હશે કે તેમ હશે એવો સંદેહ જેને રહ્યો નથી. એવા ધર્મી જીવની શાંત અર્થાત્ અકષાય શુદ્ધદશા જાણીને, તેનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને વંદન કરે છે.

બનારસીદાસજી પોતે પણ જ્ઞાની અને સાથે કવિ પણ છે. ચાલતી સાદી હિંદી ભાષામાં કેવા પદો બનાવ્યા છે! જે સમજવા માટે બહુ સંસ્કૃત કે વ્યાકરણની જરૂર નથી એવા સાદા શબ્દોમાં સહેલાં ભાવો ભર્યા છે.

હવે સમકિતીની દશાનું વિશેષ વર્ણન કરે છે.

स्वारथके साचे परमारथके साचे चित्त,
साचे साचे बैन कहैं साचे जैनमती हैं ।
काहूके विरुद्धि नाहि परजाय–बुद्धि नाहि,
आतमगवेषी न गृहस्थ हैं न जती हैं ॥
सिद्धि रिद्धि वृद्धि दीसै घटमैं प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं ।
दास भगवंतके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं ॥ ७ ॥

સ્વારથકે સાચે—સ્વપદાર્થ આત્મા તેની બરાબર ઓળખાણ કરીને સમકિતી થયા છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન કરનારા સમકિતી જીવો નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ ચારેય ગતિમાં હોય છે. અત્યારે તો લોકોને સમકિતના સાચાં સ્વરૂપની પણ ખબર નથી. દેવ-શાસ્ત્ર-ગુરુને માનો એટલે થઈ ગયું સમકિત ભાઈ! એ તો શુભરાગ છે. સમકિત એટલે ધર્મનું પહેલું પગથિયું. પોતાના જ્ઞાનમાં આત્માનો ભાસ થાય અને તેની યથાર્થ શ્રદ્ધા સહિત અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહેવાય છે. તે સાચો ધર્મ છે. ભગવાનની સેવા, પૂજા કરવાથી કે જીવદયા મંડળી કરવાથી ધર્મ ન થાય. પરના આશ્રયે ધર્મ કદી ન થાય. સ્વના આશ્રયે જ સ્વનો ધર્મ થાય.

સ્વપદાર્થને સાધી રહ્યા છે એવા સ્વારથના સાચા ધર્મી ભલે ગૃહસ્થાશ્રમ રહ્યા હોય છતાં જાણે છે કે મારે અને પરિવારને કાંઈ સંબંધ નથી. જેમ ધાવમાતા બાળકને ધવરાવે છે પણ તેને ખાતરી છે કે આ બાળક કાંઈ મારું નથી. ગીતમાં, આવે છે ને!—'સમ્યગ્દૃષ્ટિ જીવડા કરે કુટુંબ પ્રતિપાળ, જેમ ધાય ખીલાવે બાળ! તેમ સમ્યગ્દૃષ્ટિને કુટુંબમાં ધાવમાતા જેવું લાગે છે. હું કોઈનો નથી, કોઈ મારા નથી.

ધર્મી 'પરમારથકે સાચે' નામ મોક્ષરૂપ પરમપદાર્થના પ્રેમી છે. પરમ + અર્થ એટલે મોક્ષ. જૈનધર્મમાં ચાર પદાર્થ કહ્યા છે—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે વિષયભોગ અને મોક્ષ એટલે આત્માની પૂર્ણદશાએ પરમ પદાર્થ છે. વિકારી દશાનો નાશ થઈને પૂર્ણ નિર્વિકાર દશા પ્રગટ થવી તે મોક્ષ છે. ધર્મીને આવા પરમપદાર્થ–મોક્ષનો પ્રેમ છે તેથી તેને સાધે છે.

ધર્મની પ્રથમ શરૂઆતવાળા ધર્મી હૃદયના સાચા હોય છે તેથી તે વચન પણ સત્ય જ બોલે છે. આવા ધર્મી-વીતરાગતાને સાધનારા ધર્મી ખરાં જૈનમતી છે. વીતરાગ ભગવાને બતાવેલા વીતરાગી જૈનધર્મને સાધે છે માટે તે જૈનમતી છે.

ધર્મીના જ્ઞાનમાં કોઈ પણ સમ્યક્ વિવક્ષાવાળી વાતનો વિરોધ નથી હોતો. ધર્મી સમસ્ત નયોના જ્ઞાતા હોય છે તેથી સત્યના કોઈ પણ અંશમાં તેને વિરોધ હોતો નથી. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી એટલે શરીરમાં કે એક સમયની પર્યાયમાં અહમ્‌બુદ્ધિ કરતાં નથી. ધર્મીને પર્યાયબુદ્ધિ નહિ પણ દ્રવ્યબુદ્ધિ હોય છે. અનાદિથી હું શરીર છું, હું રાગ છું, હું આ રાગને જાણનારો છું એવી પર્યાયબુદ્ધિ હતી તે ભ્રમબુદ્ધિ હતી તેનો નાશ કરીને ધર્મીએ નિજદ્રવ્યમાં અહમ્ સ્થાપ્યું છે.

ધર્મી આતમગવેષી છે એટલે કે ધર્મી આત્માના ખોજક છે. રાગના ખોજક નથી. આવા ધર્મી ન ગૃહસ્થ છે કે ન યતિ છે. ગૃહસ્થાશ્રમમાં દેખાય છે પણ ખરેખર તે ગૃહને મારું માનતાં નથી માટે ગૃહસ્થ પણ નથી અને અણુવ્રત- મહાવ્રત નથી તેથી યતિ પણ નથી. યતિ તો તેને કહેવાય કે જેને આત્માના આનંદની જતના છે. ચોથા

ગુણસ્થાનવાળા ધર્મી ગૃહસ્થ પણ નથી અને યતિ પણ નથી છતાં દેવ અને ઇન્દ્ર દ્વારા પૂજ્ય છે. પૂજ્ય છે એટલે ઇન્દ્ર પણ જેની પ્રસંશા કરે છે—પ્રશંસાયોગ્ય છે.

'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા.' જેને સદૈવ પોતાના હૃદયમાં આત્માની સિદ્ધિ છે. તેને બહારની કોઈ રિદ્ધિ–સિદ્ધિની વાંછા નથી. પણ હું પૂર્ણ કેમ થાઉં? પૂર્ણ શુદ્ધ કેમ થાઉં! એવી સિદ્ધિની ભાવના છે, તે તરફ ધર્મી વૃદ્ધિ કરી રહ્યાં છે. પૈસાથી ધર્મી પોતાની સિદ્ધિ માનતાં નથી. જડ પદાર્થ તો તેની ક્રિયાવતી શક્તિથી આવે અને જાય તેનાથી આત્માની સિદ્ધિ ન થાય. પૈસાને રાખવા કે છોડવા એ પોતાના હાથની વાત નથી.

આત્માની શાંતિ અને જ્ઞાન, આનંદ એ ધર્મીની રિદ્ધિ છે. પૈસા, સ્ત્રી, છોકરાં અને મોટાં મોટાં બંગલા એ ધર્મીની રિદ્ધિ નથી કેમ કે એ પોતાની ચીજ જ નથી. પોતાની ચીજ જે પ્રગટ થઈ છે એ પોતાની રિદ્ધિ છે અને તેમાં વૃદ્ધિ થવી તે પોતાની વૃદ્ધિ છે. લોકોને જરા પૈસો વધે ત્યાં કહે કે હમણાં આપણે ચડતી દેગડી છે તેને પડવા દેશો નહિ. પણ ભાઈ! એ તારી વૃદ્ધિ નથી. ધર્મીને તો પોતાના અંતરમાં રિદ્ધિ, સિદ્ધિ અને વૃદ્ધિ દેખાય છે.

ધર્મી તો અંતરની લક્ષ્મીના લક્ષપતિ છે. અજાચી એટલે માગ્યા વગરની પોતાની અંતરલક્ષ્મીના પતિ છે–સ્વામી છે. 'દાસ ભગવંતકે ઉદાસ રહે જગતસો, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ'. ધર્મી ભગવાનના દાસ છે અને જગતથી ઉદાસ છે, હંમેશા સુખી છે. ધર્મી જ્યાં હોય ત્યાં સદાય સુખી રહે છે. આવા ગુણોવાળા ધર્મીને સમકિતી કહેવાય છે. [ ક્રમશ: ]

—০—

## 卐 જ્ઞાયક તો જ્ઞાયક જ છે 卐

જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય-પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચપરમેષ્ઠીની પૂજા-ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી. —પૂજ્ય બહેનશ્રી

# અચિંત્ય જ્ઞાનસ્વભાવ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૨૬)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનાં પ્રથમ ભાગની ૩૮મી ગાથા ચાલે છે.

જેનો કોઈ અંત નથી એવા અનંત આકાશમાં એક નક્ષત્રનું ક્ષેત્ર તો બહુ નાનું છે તેમ મુક્ત જીવના કેવળજ્ઞાનમાં આખુ લોકાલોક એક નક્ષત્ર સમાન ભાસે છે એટલે આ જ્ઞાન કેવડું મોટું અને મહાન છે કે જેમાં ત્રણલોક એક નક્ષત્ર જેવા નાના ભાસે છે! આવો આ જ્ઞાનસ્વભાવ દરેક જીવમાં અનાદિથી રહેલો છે.

આખા લોકાલોકમાં એક પરમાણુ માત્ર કે એક વિકલ્પ માત્ર પણ જેનો નથી એવા આત્માના જ્ઞાનસ્વભાવમાં આખો લોકાલોક અનંત આકાશમાં રહેલાં એક નક્ષત્ર સમાન લાગે છે. આમ કહીને એમ કહેવા માગે છે કે આવા અનંત અમાપ ભગવાન આત્માને દૃષ્ટિમાં લે અને વિકલ્પ આદિ બધાંને હેય કરી દે.

ભગવાન! તારો જ્ઞાનસ્વભાવ ભગવાન સ્વભાવ છે એટલે કે મહિમાવંત સ્વભાવ છે. મહાન જ્ઞાનસ્વભાવ પાસે વિકલ્પથી માંડી શરીર, કર્મ, સંયોગ આદિ બધાંને હેય જાણ. અંતરદૃષ્ટિ કર અને સ્વભાવ સિવાયનું બધું હેય જાણ.

ભગવાન! તારી મહિમા પણ કેટલી? અમાપ...અમાપ...ચારે કોરથી અમાપ એવા આકાશમાં જેમ એક નક્ષત્ર કેટલું નાનું છે તેમ અનંત....અનંત...અનંત એવા સ્વભાવના સામર્થ્યમાં લોક અને અલોક એક નક્ષત્રની જેમ જણાય જાય છે. આવો ભગવાન આત્મા જ વીતરાગી દૃષ્ટિએ આદરવાલાયક છે. દૃષ્ટિ આવા પોતાના સ્વભાવમાં જ સ્થાપવાલાયક છે.

ભગવાન! તું અનાદિથી આવો જ છો. પર્યાયમાં ભલે કેવળજ્ઞાન થાય ત્યારે જણાય પણ વસ્તુસ્વભાવ તો અનાદિથી એવો ને એવો...એવો ને એવો જ છે. આહાહાહા! આવા ચૈતન્યમહાસાગરના અનંત સ્વભાવ પાસે રાગાદિ તો શું પણ અલ્પજ્ઞ પર્યાય–ચાર જ્ઞાનની પર્યાય પણ તુચ્છ છે. કેવળજ્ઞાનની અનંતી પર્યાય સંઘરીને બેઠો છે એવો ભગવાન આત્મા એક જ આદરવા લાયક છે.

એક તરફ રામ અને એક તરફ ગામ છે. પણ એ રામ કેવો છે કે જેમ મોટું મોઢું બધી ચીજોને કોળિયો કરી જાય છે તેમ કેવળજ્ઞાનમાં આખું લોકાલોક જાણે કોળિયો થઈ જાય છે. ભગવાન! આવા મહિમાવંત સ્વભાવની દૃષ્ટિ કર. એ જ કરવાલાયક છે, બીજું કાંઈ કરવાલાયક નથી.

ચાર જ્ઞાન પણ જેની પાસે થોથાં જેવું તુચ્છ છે ત્યાં શાસ્ત્રના ભણતર, વિજ્ઞાનનાં ભણતર, કળા આદિના ભણતરની તો કિંમત જ કયાં રહી? માટે બધાંની કિંમત છોડ, તેની દૃષ્ટિ છોડ અને એક સ્વભાવની દૃષ્ટિ કર તેનું જ નામ સમ્યગ્દર્શન છે.

પરમાત્મા અનાદિનો છે ભાઈ! તું નવો થયો નથી. અનાદિનો આવો જ છો. જેવો બેહદ જ્ઞાનસ્વભાવ છે તેવો જ બેહદ-અનંત અનંત અમાપ અતીન્દ્રિય આનંદનો રસ તારા ધામમાં જામીને પડયો છે. પણ જીવને આવી વાત પણ સાંભળવા મળતી નથી. હું કોણ અને કયાં મારે નજર કરવી એ તેને ખબર નથી. તેને કહીએ છીએ કે ભાઈ! તું પોતે વર્તમાનમાં જ્ઞાનાનંદ સ્વભાવી છો માટે અનંદમય જ્ઞાનભગવાનની દૃષ્ટિ કર, બાકી બધું તારા માટે હેય છે. પુણ્ય-પાપનો રાગ તો હેય છે જ પણ ચાર જ્ઞાનની પર્યાય પણ હેય છે. અંગીકાર કરવા લાયક નથી—ઉપાદેય નથી.

કોઈ છોકરાનો બાપ તેના માટે પાંચ-પચાશ ક્રોડ મૂકીને ગયો હોય તેને ખબર ન હોય, ટ્રસ્ટને સોપ્યાં હોય, એ જ્યાં છોકરો મોટો થાય અને ટ્રસ્ટ છોકરાને વાત કરે કે આ મૂડી તારી છે તો એ કેવો રાજી થાય! તેમ આ સંતો તને કહે છે કે આ અનંત જ્ઞાન, આનંદનું નિધાન તારું છે, અમને ભગવાન સોંપી ગયા છે કે તારો આત્મા આવો છે એમ એને કહેજો. અમે તારી આ મૂડીના સાક્ષી છીએ. તું તેને સંભાળી લે. તારા એક સમયના જ્ઞાન, આનંદની મહિમાનો પણ પાર નથી તો એવા ત્રિકાળ સ્વભાવની મહિમાની શી વાત!

અરે, આ અમારો અંગત માણસ છે, ઘરનો ઉંદર છે એમ દેહના નામની પ્રસંશાથી તું ઉલ્લસિત થઈ જા છો અને તારા પોતાના આવા નિધાનની વાત સાંભળીને ઉલ્લસિત નહિ થા? આ તારી પ્રશંસા છે ભાઈ! તું અતીન્દ્રિય આનંદનો રસકંદ છો. જ્ઞાનાનંદની શીલા છો. એ જ જ્ઞાનની પર્યાયમાં આખું લોકાલોક એક નક્ષત્ર સમાન છે એવો આત્મા જ ઉપાદેય છે. માટે દૃષ્ટિમાંથી વિકારને ખાલી કરી, દૃષ્ટિને ભગવાન આત્મા તરફ ઢાળ. શ્રદ્ધામાં વિકલ્પ આદિની મહત્તા છે તે છોડીને અનંત જ્ઞાનાદિ સ્વભાવવાળા ચૈતન્યમાં દૃષ્ટિ સ્થાપ. વિકલ્પ આદિથી રહિત થઈને સંતો જ્ઞાનાનંદ નિધાનમાં દૃષ્ટિ સ્થાપે છે અને તે સ્વભાવને જ આદરણીય માને છે. ધર્મીની દૃષ્ટિ સર્વદા-ત્રિકાળ અનંત જ્ઞાનાદિ સ્વભાવનો જ આદર કરીને પડી છે. ત્રિકાળમાં ધર્મીને સ્વભાવ સિવાય બીજી કોઈ ચીજ ઉપાદેય લાગતી જ નથી. વિકલ્પથી માંડીને આખા જગતમાં કાંઈ તેને સુંદર લાગતું નથી.

આ કોઈ સાંભળી લેવાની કે ધારણામાં ધારી લેવાની વાત નથી. આ તો આત્માને ઉપાદેય કરવાની વાત છે. વિકલ્પ રહિત દૃષ્ટિ કરીને ધર્મીએ એક આત્મા જ ધ્યાવવા યોગ્ય છે.

હવે ૩૯મી ગાથામાં મુનિરાજ મોક્ષના કારણરૂપ આત્માને બતાવે છે.

જેણે પરમાનંદસ્વભાવમાં જોડાણ કર્યું છે તેણે ચિદાનંદરાજાની પેઢીએ ધંધો શરૂ કર્યો છે. પૂર્ણ મુક્ત-સ્વરૂપ સ્વભાવનો આદર કરનારી પર્યાય જ મુક્તિનું કારણ છે. રાગ દયા, દાનાદિના પરિણામને કોઈ મુક્તિનું કારણ માને તો એ ખોટું છે. આત્મા એક સમયમાં જ્ઞાન-આનંદની મૂર્તિ છે તેને જ નિરંતર આદરવા યોગ્ય છે કેમ કે તે એક જ નિરંતર મુક્તિનું કારણ છે. વચ્ચે શુભભાવ આવે તે પણ મુક્તિનું કારણ છે એમ નથી. વચ્ચે શુભ વ્યવહાર આવે ભલે પણ તે મુક્તિનું કારણ નથી.

લોકો શિવરાત્રિના સકરકંદ શેકીને ખાય છે ને! અહીં કહે છે આ આત્મા જ્ઞાનાનંદનો કંદ છે તેને નિરંતર ખાવા યોગ્ય છે—સેવવા યોગ્ય છે. જ્ઞાનાનંદને સેવ....સેવ...ધર્મના ધારક એવા ધર્મી જીવના વૃંદને એટલે સમૂહને એક ભગવાન આત્મા જ સેવવા લાયક છે. કેમકે એ જ મુક્તિનું કારણ છે. એવી દૃઢ શ્રદ્ધા કરે કે ભગવાન પૂર્ણાનંદના નાથ તરફનું વલણ એક જ મોક્ષનું કારણ છે બીજું કાંઈ નહિ એવી પાકી શ્રદ્ધા કરે તો વીર્ય સ્વભાવસન્મુખ વળ્યા વગર રહે નહિ.

જ્યાં જે હોય, ત્યાંથી આવે ને! લોઢાની ખાણમાંથી સોનું ન આવે પણ સોનાની ખાણમાંથી જ સોનું નીકળે તેમ રાગાદિ વિકલ્પની ખાણ એ તો લોઢાની ખાણ છે તેમાંથી ચૈતન્ય સોનું ન નીકળે ચૈતન્યની ખાણમાંથી જ જ્ઞાન-આનંદ આદિ નીકળે.

વર્તમાનમાં મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજતાં સીમંધર ભગવાન અને બીજાં પણ અનંત તીર્થંકરો જગતને ફરમાવે છે ને ભાઈ! પ્રભુ! તારા પૂર્ણાનંદનો નાથ તું પોતે છો. તેનુ માહાત્મ્ય કરીને અંતરમાં એકાગ્રતા કર. નિરંતર આ જ્ઞાનમય, આનંદમય આત્મા તે હું એમ ધ્યાન કરવા લાયક છે.

આમ કહે કે અમે ભગવાનને ભજીએ છીએ પણ ભગવાન શું કહે છે તેની તો ખબર નથી. આ તો 'ઓઢણું ધણીનું અને ધણીની આજ્ઞા માનવી નહિ.'.... એના જેવી વાત છે. સગપણ કર્યું હોય, છોકરી જાણતી હોય કે ધણી પાંચ-પચીશ લાખનો આસામી છે, જુવાન છે...વિગેરે પણ આવે ત્યારે ઓળખે નહિ તો શું કામનું? એમ ભગવાનની ભક્તિ કરે, દયા, દાનાદિ કરે પણ ભગવાન કોણ છે? તે શું કહે છે? એ સમજે નહિ તો શા કામનું?

નિરંતર નિજ શુદ્ધાત્માને ધ્યાવવો એ એક જ મોક્ષનો મારગ છે. મોક્ષમાર્ગ બે નથી પણ તેનું નિરૂપણ બે પ્રકારે છે. આ તો અજબ-ગજબની વાતો છે પણ વાડામાં જન્મેલા લોકોને આ વાત જ સાંભળવા મળતી નથી. આ શાસ્ત્રોમાં તો સંતોએ એકલા માખણ જ ભર્યા છે.

આત્માના સ્વભાવમાં એકાગ્રતા તે ધર્મધ્યાન છે અને જે આર્ત અને રૌદ્રધ્યાન છે તે તેના વૈરી છે. શરીર ઠીક હોય તો મને ઇષ્ટ અને ઠીક ન હોય તો અનિષ્ટ, પૈસાને આમ

વ્યાજે મૂકું તો અનુકૂળ ને આમ પ્રતિકૂળ એવી બધી ચિંતવના તે આર્ત્ત અને રૌદ્રધ્યાન છે. આ ધ્યાન આત્માની એકાગ્રતાના વૈરી છે. છતાં અજ્ઞાની જીવ તેને ભેટે છે કે હાલ બાપા હાલ, મારાં માથા કાપ.

જ્યારે આ પર તરફની વાસના–વિકલ્પોની જાળ તોડે છે ત્યારે આત્મા તરફનું એકાગ્ર ધ્યાન થઈ શકે છે. આર્ત્ત અને રૌદ્રધ્યાન જ્યારે છૂટી જાય ત્યારે જ ભગવાન આત્મામાં એકાગ્રતા થઈ શકે છે અને સ્વભાવમાં એકાગ્રતા થાય એ જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ નથી. આ તો નિશ્ચયના ગ્રંથની વાત છે એમ થઈ જાય પણ વ્યવહારના ગ્રંથમાં પણ નિમિત્તથી કથન આવે તેથી કાંઈ માર્ગ બે થઈ જતાં નથી. વ્યવહારના ગ્રંથમાં આવે કે ધર્મીને પોતાનો આત્મા આદરણીય છે પણ હજુ પૂર્ણદશા નથી તેથી દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, આગળ જતાં મુનિ ને પંચમહાવ્રતનો વિકલ્પ, સાચા દેવની આરાધનાનો રાગ આવે છે તેથી વ્યવહારે તેને આદરણીય કહેવાય છે પણ ખરેખર તે ભાવો આદરવા યોગ્ય નથી. દરેક કાળે એક આત્મા જ ઉપાદેય છે એ વાત ધ્યાનમાં રાખીને બધાં ભાવોનું જ્ઞાન કરવા લાયક છે.

હવે ૪૦મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે ભગવાન આત્મા અનાદિકાળથી શુદ્ધ-પરિણમન નહિ કરતાં અશુદ્ધરૂપે પરિણમી રહ્યો છે.

ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ છે. પણ તેનો આદર ન કર્યો, શુદ્ધ પરિણમન ન કર્યું તો અનાદિકાળથી આ જીવ કરે છે શું? તો કહે છે અનાદિ-કાળથી પોતાના સ્વભાવનો અજાણ–અજ્ઞાની જીવ જગતનો કર્તા થયો છે. કેવી રીતે? કે ત્રણ પ્રકારના વેદની વાસનાથી જીવ આઠ પ્રકારના કર્મ બાંધે છે અને એ કર્મના ફળમાં ત્રસ–સ્થાવરરૂપ જગત બને છે. માટે જગતનો કર્તા અજ્ઞાની જીવ પોતે છે. બીજો કોઈ ઈશ્વર જગતનો કર્તા નથી.

અનાદિકાળથી જીવ સ્વભાવની એકતા નહિ કરતાં પરમાં એકત્વ કરીને જ્ઞાનાવરણાદિ આઠ કર્મોને બાંધી રહ્યો છે અને તેના ફળમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના શરીરો એટલે સ્થાવર શરીર અને બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચાર-ઇન્દ્રિય અને પંચેન્દ્રિય પશુ, નારકી, દેવ અને મનુષ્યના શરીરો કે જેને ત્રસ શરીર કહેવાય એવા શરીરરૂપ જગતને ઉત્પન્ન કરી રહ્યો છે. સ્વભાવની એકતા કરીને પૂર્ણાનંદનો નાથ થવાને બદલે પોતે જ પરની એકતા કરીને શરીરોની રચના કરી રહ્યો છે. માટે મુનિરાજ કહે છે કે તું જ તારા શરીરરૂપી જગતનો રચનાર છો બીજો કોઈ ઈશ્વર જગતકર્તા નથી.

ભગવાન આત્માએ તો અંતર સ્વભાવનું ધ્યાન કરી સ્વભાવની રચના કરવી જોઈએ તેને બદલે ઊંધો પડેલો આત્મા પોતાને ભૂલીને, સ્વભાવનો આદર છોડીને પુણ્ય–પાપની વાસનાના વિકલ્પનો આદર કરીને કર્મો બાંધી રહ્યો છે અને તેના કારણે નવા નવા શરીર-

રૂપ જગતની રચના થઈ રહી છે. જગતમાં જેમ અનંત રજકણ અને અનંત આત્માઓ રહેલા છે તેમ આ શરીરરૂપી જગત પણ અનંત રજકણનું પિંડ જ છે ને! તેમાં અજ્ઞાની જીવ રહ્યો છે. માટે વ્યવહારથી અજ્ઞાની જીવને જગતનો કર્તા કહ્યો છે.

ખરેખર તો ઊંધા ભાવ—મિથ્યાભાવ-રાગ દ્વેષ મોહના ભાવ એ જ જગત છે તેને અજ્ઞાની જીવે રચ્યું છે અને તેના કારણે આઠકર્મ બંધાય છે અને તેના નિમિત્તે શરીર બને છે માટે પરંપરાએ અજ્ઞાની જીવને જ જગતનો કર્તા કહ્યો છે. ભગવાન આત્માના સ્વભાવમાં એવો કોઈ ગુણ નથી કે તે કર્મ અને શરીરને ઉત્પન્ન કરે. પણ પોતાને સ્વભાવની મહિમા ન આવી તેથી અન્ય પરભાવોમાં મહિમા વહેંચાઈ ગઈ તેના કારણે કર્મો અને શરીરનું બંધન થયું.

નિર્વિકાર સ્વભાવની મહિમા ન આવી અને વિકારની મહિમામાં—વેદ-વાસનામાં-ભોગનાં પ્રેમમાં કર્મો બંધાણા તેનાથી આ સ્ત્રી, પુરુષ અને નપુંસકના શરીરો મળ્યાં માટે શરીરનો અને વેદનો રચનાર આત્મા જ છે એમ કહ્યું છે.

આઠ કર્મનું કારણ પામીને જીવ અનેક પ્રકારના જગતને ઉત્પન્ન કરે છે. જગત એટલે ત્રસ અને સ્થાવરના શરીર અને તેમાં સ્ત્રી, પુરુષ અને નપુંસકના લિંગ એ જગત છે. સ્વભાવને ભૂલેલો જીવ પોતે જ ત્રસ, સ્થાવરરૂપ શરીરની રચનાનું કારણ બને છે. ભગવાન આત્માને ભૂલીને ભ્રમણાના ભાવથી આવા શરીરોને જીવ રચે છે.

પરમાત્માના મૂળ સ્વરૂપમાં આ સ્ત્રી, પુરુષાદિની ભોગની વાસના નથી. આવા મૂળ સ્વરૂપને ભૂલીને ભોગની વાસનાના વિકલ્પના મોહથી જીવે કર્મો બાંધ્યા અને તેના ફળમાં આ સ્ત્રી, પુરુષાદિના અનેક પ્રકારના શરીર ધારણ કર્યા છે.

નિગોદમાં એકેન્દ્રિય જીવને અને નારકી જીવને નપુંસક લિંગ હોય છે અને દેવ; મનુષ્ય, તિર્યંચગતિમાં સ્ત્રી, પુરુષના લિંગ હોય છે. ભગવાન આત્મામાં તો આવા લિંગો કે લિંગના સ્વરૂપ ભાવો પણ નથી. છતાં એવા અવિકારી સ્વભાવને નહિ સેવતાં, વિકારી ભાવોને સેવીને જીવે કર્મ બાંધ્યા અને તેના ફળમાં એવા લિંગ સહિતના શરીરની રચના કરી છે.

ગાથા ૬૦ ભિન્ન-ભિન્ન વાત આવે છે.

જે અશુદ્ધ નિશ્ચયનયે આવા ભોગાદિના ભાવો અને શરીરરૂપ જગતને કરે છે તે જ જીવ શુદ્ધ નિશ્ચયનયે પોતે પરમાત્મા છે. પણ એવા સ્વરૂપને નહિ ઓળખતો અજ્ઞાની જગત પાસે ભીખ માંગી રહ્યો છે. આનંદઘનજી કહે છે 'ભટકંત દ્વાર-દ્વાર લોકનકે, કુકર આશા ધારી.'... કયાંય મને સુખ મળે?... કયાંય સુખ મળે એવી આશાએ કૂતરાની જેમ દ્વાર-દ્વાર ભટકે છે પણ સુખસ્વરૂપ ચૈતન્ય તરફ નજર કરતો નથી.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૯ ]

# ત્રૈલોકચદુ:ખહર પ્રભુભક્તિ

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ઋષભદેવ ભગવાનની આ સ્તુતિ છે. આ અવસર્પીણી કાળમાં કર્મભૂમિની આદિમ પ્રથમ તીર્થંકર થયા તેથી તેમનું નામ શ્રી આદિનાથ છે. અઢાર ક્રોડાક્રોડી સાગરમ મુનિપણાનો ધર્મ ન હતો, જુગલીયા હતા; તેથી ધર્મતીર્થની આદિના કર્તા હે પ્રભુ! આપ જ છો—એમ તેમને મુખ્ય કરીને તેમની ભક્તિ કરે છે. શુભરાગ વ્યવહારભક્તિ છે આત્મા જ્ઞાનાનંદ છે તેનો સત્કાર કરવો, તેમાં એકાગ્રતા થવી તે નિશ્ચયભક્તિ છે. જ્ઞાનીને આવી નિશ્ચયભક્તિ સહિત વ્યવહારભક્તિ હોય છે. ત્રણ કાળ ત્રણ લોકના સ્વરૂપને સર્વજ્ઞ જાણે છે એમ હું પણ જાણનાર સ્વભાવી છું. સ્વભાવ સન્મુખ થઈ એવું નક્કી કરવું તે નિશ્ચયભક્તિ છે અને સાથે ધર્માત્માને શુભરાગ આવે તે વ્યવહારભક્તિ છે.

હે ભગવાન! દેવો આપના ભક્ત છે. આપનાં ચરણ-કમલ એવી રીતે સેવ્યાં કે તેના મુગટના મણિરત્નની શોભા આપનાં ચરણ—કમલના લીધે છે. આત્માનો સ્વભાવ જાણ્યો તે પાપ નાશક છે. જે શુભરાગ ઊઠયો તે અશુભનો નાશક છે. ચોરાસી લાખ જીવ યોનિમાંથી પડતા જીવને તારવામાં હે ભગવાન આપનો જ ઉપદેશ આધારભૂત છે. આ રીતે આપનો ઉપદેશ સહાયક છે. હે નાથ! શ્રુતજ્ઞાનમાં પૂર્ણ શ્રુતકેવળી જેવા દેવો પણ આપની ભક્તિ કરે છે. હું પણ ભક્તિ કરું છું? બાર અંગના જાણનાર ક્ષાયિક સમકિતી ઈન્દ્રોને શુભરાગ આવે છે અને આપની જ ભક્તિ કરે છે. અંતર જ્ઞાનાનંદ સ્વભાવનાં ભાનમાં વીતરાગ સ્વરૂપની ભક્તિનો ઉલ્લાસ આવ્યો તેથી બધા મહાન આત્મા જે સમ્યગ્દષ્ટિ આદિ છે તે સહુ આપની ભક્તિમાં સાવધાન છે એમ હું દેખું છું. શ્રુતકેવળી સાધુ પણ આપના બહુમાનથી દિવ્યભક્તિના પ્રવાહ વહેવરાવે છે. પ્રભુ હું પણ આપની ભક્તિ કરું છું.

ભાવાર્થ :—જિનેંદ્ર ભગવાન કેવા છે?—કે દેવો દ્વારા પૂજિત તથા પાપ સમૂહને નષ્ટ કરવાવાળા તથા હિત ઉપદેશ દેનારા છે.

હિત એટલે આત્માથી જ ઉત્પન્ન થતું સુખ તેનો ઉપાય એટલે મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે. ચૌદ પૂર્વ બાર અંગમાં વીતરાગતા પ્રગટ કરવાનો ઉપદેશ આપ્યો માટે હું આપની ભક્તિ કરું છું. જિનેંદ્ર ભગવાનને નમસ્કાર કરી આદિનાથની સ્તુતિ કરું છું.

ઈન્દ્રો ૧૦૦૮ નામથી આપની સ્તુતિ કરે છે તેમાં એક નામ ક્રમવર્તી છે. આપને કેવળજ્ઞાનની પર્યાય એક પછી ક્રમસર થાય છે લોકાલોકને અક્રમે જાણ્યા પણ પદાર્થોની અવસ્થા તો ક્રમે વર્તે છે. પર્યાયો એક પછી એક ક્રમસર થઈ રહી છે. લોકો કહે છે કે

ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય ક્યાંથી લાવ્યા? ભાઈ! નવું નથી. આ સ્તોત્રમાં શ્લોક ૩૯માં ક્રમથી વાત આવશે. ત્યાં ક્રમનો અર્થ પગ છે. તથા પંચાધ્યાયી ગ્રંથમાં ક્રમબદ્ધ પર્યાય માટે ક્રમમાં પગનો દૃષ્ટાંત છે. જેમ પગ એક પછી એક ક્રમે ઉપડે તેમ આપનું કેવળજ્ઞાન ક્રમસર થાય છે અને લોકાલોકની અવસ્થા ક્રમસર જેમ છે તેમ એકસાથે જાણે છે. શ્રી બનારસીદાસકૃત જિનસહસ્રનામમાં 'ક્રમવર્તી' એ ભગવાનનું નામ છે. સ્વ–પરની પર્યાય ક્રમબદ્ધ થાય છે. એમ જ્ઞાનસ્વભાવમાં નિર્ણય કર્યો તેને શુભરાગના કાળે સર્વજ્ઞ ભગવાનની ભક્તિનો ઉછાળો આવે છે. હું પણ તેવી સ્તુતિ કરૂં છું. ગાથા ૩૯માં ત્રણ જગ્યાએ ક્રમ શબ્દ છે. તે આગળ આવશે.

"આપની સ્તુતિ કરનારને સિંહ મારી શકે નહિ,
તેમ વિકારી પરિણામ સ્વભાવની એકતા તોડી શકે નહિ."

આપ પૂર્ણાનંદને પામ્યા એવું ભાન થયું તે ભાન અંતર સર્વજ્ઞ ભગવાનના અવલંબને અમોને થયું છે. પ્રતિકૂળ સંયોગ આવે અને સિંહ દોડી આવે તેમાં અમો દબાઈ જતા નથી. સિંહના પંજા હરણને મારવા આવે છે પણ આપના ચરણકમળની સેવા કરનારને મારી શકે નહીં. તેમ વિકારી પરિણામ સ્વભાવની એકતા તોડી શકે નહીં. આપની ભક્તિ કરનારને એવા પુણ્ય બંધાય છે કે જેથી પાપનું સંક્રમણ થઈ જાય છે.

બુદ્ધિ વિના જ સુરપૂજિત-પદાપીઠ!
મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ;
લેવા શિશુ વિણ જળે સ્થિત ચંદ્રબિંબ,
ઇચ્છા કરે જ સહસા જન કોણ અન્ય! ૩.

હે ભગવાન! જ્યાં આપના પગ પડે તે ભૂમિ પવિત્ર થાય છે તો આપના ગુણની શી વાત!

પ્રથમ ચરણકમળના પ્રતાપની વાત કરી હતી, હવે તેથી આગળ કહે છે. હે નાથ! જે સિંહાસન ઉપર આપના ચરણ કમળ પડે તેની દેવો પૂજા કરે છે. ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્રો, શકેન્દ્ર તથા ઇશાન ઇન્દ્ર પણ આપના પગ જે સિંહાસન ઉપર પડે તેને પૂજ્ય ગણે છે. તીર્થંકર તથા નિર્ગ્રંથ મુનિરાજ જ્યાં જ્યાં પગ ભરે તે સ્થાન પણ ધર્મી પૂજનીય માને છે. અહીં તેમના ચરણકમળ પડે તે ધૂળ અને આસન પણ પૂજનીક છે—એમ વીતરાગતાનો આદર કરી ધર્માત્મા ધર્મનું માહાત્મ્ય ભાવે છે. દેવાધિદેવના જ્યાં પગ પડે તે તીર્થ થઈ જાય છે. જેમને પૂર્ણ પરમાનંદ સ્વરૂપ પ્રગટ્યું છે, અનંત આનંદની પ્રગટ દશા થઈ છે એવા હે પ્રભુ! આપના પગ પડે તે ભૂમિ અથવા સિંહાસન પૂજનીક છે. હે નાથ! આપના ગુણની સ્તુતિ કરવાને હું ઘણો અસમર્થ છું. વૃષનો અર્થ પવિત્ર ધર્મ પણ થાય છે અને ઉત્કૃષ્ટ પણ થાય છે. જે પોતાની આત્મશક્તિથી પવિત્રતા

પામ્યા—પહોંચી વળ્યા તેવા સર્વ ભગવંતોને ઋષભદેવ કહેવાય છે, કર્મભૂમિની શરૂઆતમાં ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા. એમના પરમાર્થસ્વરૂપને ઓળખીને સ્વસન્મુખ દૃષ્ટિ તો કરી છે પણ વીતરાગ દશા પૂર્ણ પ્રગટ ન થાય ત્યાં સુધી હે નાથ! આપની સેવા કરીએ તે જાતનો રાગ ધર્મીને આવે છે. દેહની ક્રિયા દેહના કાળે અને કારણે આવે છે, રાગના કારણે રાગ આવે છે. હઠ વિના-વિપરીત અભિપ્રાય વિના તીર્થંકર પરમાત્મા પ્રત્યે બહુમાન લાવનારી ભક્તિ સ્વયં ઊછળે છે. અનેક વિશેષણના અલંકાર લગાડી સ્તુતિ કરે છે. તેથી ભગવાન પૂજનીક છે પણ પોતે નિશ્ચય અંતરમાં ભગવાન છે એમ બેઠું તો વ્યવહારમાં ભગવાનને માન્યા કહેવાય. સમયસારમાં પૂછયું કે કેવળી ભગવાનની સ્તુતિ કોણે કરી કહેવાય? ગાથા ૩૧, ૩૨, ૩૩માં કહ્યું છે કે ભાવભાસન રૂપ ભેદજ્ઞાનવડે જ્ઞેય-જ્ઞાયક-સંકર દોષ દૂર કરીને જે જિનેન્દ્ર થશે તેણે કેવળી ભગવાનની સ્તુતિ કરી છે.

ભાવ ઈન્દ્રિયો અને બાહ્ય વિષયોથી ખસી જ્ઞાનસ્વભાવની એકાગ્રતા કરે તેણે ભગવાનની સ્તુતિ કરી છે, બીજાએ ભગવાનની સ્તુતિ કરી નથી. અમરી શ્રદ્ધામાં અસલી સ્વરૂપનો જ આદર છે. તેથી નિશ્ચયદૃષ્ટિ અપેક્ષાએ મુક્ત છે!

અહીં માનતુંગાચાર્યને વિકલ્પ ઊઠયો છે કે અમોને ઓરડીમાં પૂર્યા છે ને જૈન ધર્મની નિંદા થશે તો તમારી લાજ જાય. તેથી મુનિ ભક્તિ ઉપાડે છે ને તાળા તૂટી જાય છે. મુનિ બહાર નીકળે છે. ભોજરાજ તેનો દિવ્ય આતાપ સહન ન કરી શકયા, તે પુણ્યનો પ્રભાવ છે. રાગ આવ્યો તેમાં કર્તૃત્વબુદ્ધિ નથી. બસ, આ કાળે તો આવો રાગ કરવા જેવો છે ને! એમ માને તે તો મિથ્યાદૃષ્ટિ છે.

ધર્માત્મા નિત્યપ્રતિ આપને યાદ કરે છે. ભક્તિથી ભજે છે. તારા ચરણની સેવા દેવો કરે છે. આપને કેવળજ્ઞાન છે, જે અમારે નથી. અત્યારે અમારો વિષય સમ્યગ્દૃષ્ટિ પૂરતો છે, પણ મનોરથ કેવળજ્ઞાનનો છે. આપે કહેલ મોક્ષમાર્ગમાં દૃઢ પ્રતીત છે. કેવળજ્ઞાન લીધે છૂટકો છે. અમો પાંચમાં આરામાં છીએ, કેવળજ્ઞાનનો વિરહ છે, તેથી પરમપદની ભાવના દ્વારા કેવળજ્ઞાનના ગાણા ગાઈએ છીએ. શ્રુતજ્ઞાનથી તો કેવળજ્ઞાન અનંતગણું છે. તારા ગાણા ગાવાની હિંમત કરું છું તેમાં લજ્જા છે તેનો અર્થ એ છે કે અલ્પજ્ઞ પર્યાય મટાડીને કેવળજ્ઞાન થાશે ત્યારે આપ સમાન પર્યાયમાં થાશું. અત્યારે તો શ્રદ્ધામાં ચારિત્રમાં એવી તાકાત નથી. તે મારી પર્યાયની પામરતાનું અને દ્રવ્યની પ્રભુતાનું ભાન છે, પામરતાનો ખ્યાલ રાખી પ્રભુતાનું વર્ણન કરેલ છે. હે નાથ! તારી સ્તુતિના પ્રયત્નમાં મારી મતિ ઉદ્યમી થઈ છે. મારી બુદ્ધિ ઓછી છે. કયા સર્વજ્ઞ ને કયાં મતિશ્રુત! મારી પાસે ત્રણ-જ્ઞાન નથી, છતાં હું સ્તવન કરવા ઊભો થયો છું. પૂર્ણ સ્વભાવનો આશ્રય કરનારી બુદ્ધિ થઈ છે તેથી આપની સ્તુતિ કરું છું. જેમ બાળકપણામાં ચંદ્રમાનું બિંબ પકડવા જાય એવી મારી હાસ્ય પાત્ર ચેષ્ટા છે. કેવળજ્ઞાન અપેક્ષાએ હું તો બાળક છું પણ કેવળજ્ઞાન

પર્યાયની સ્તુતિ વડે પ્રભુતાના પવિત્રતાના ગાણા ગાય છે. કોઈ મને અવિચારી અવિવેકી બાળક કહે તો ભલે કહે; હું તો કેવળજ્ઞાનનો મહિમા ગાવા ઊભો થયો છું.

શ્રોતા :—અમે કેવળજ્ઞાનને માનીએ છીએ છતાં અજ્ઞાન કેમ ટળતું નથી?

પૂજ્ય ગુરુદેવ :—પ્રકાશ થાય અને અંધકાર રહે એમ બને નહીં, માટે કેવળજ્ઞાન ખરેખરું માન્યું જ નથી. અજ્ઞાન પોતે કરે છે માટે કેવી રીતે કરે છે તેનો પ્રશ્ન નથી. જે સમયે જે થવાનું છે તેનો નિર્ણય કરતો નથી. તેમાં કેવળજ્ઞાનની અપ્રતીતિરૂપ અજ્ઞાનદશા કારણ છે. આ જગતમાં કેવળજ્ઞાન છે એમ નિર્ણય કરવા જાય તો તેના સ્વરૂપનો નિશ્ચય થયો જોઈએ. કેવળજ્ઞાનનો નિર્ણય અલ્પજ્ઞતા અને રાગના આશ્રયે ન થાય. રાગ-દ્વેષ વર્તે છે પણ તેને ગૌણ કરી પૂર્ણ સ્વભાવ તરફ લક્ષ કરે તો કેવળજ્ઞાનની પ્રતીત થાય છે.

કેવળજ્ઞાનનો નિર્ણય કરવા જાય ત્યાં પોતાનો જ્ઞાન-સ્વભાવનો મહિમા થયો. સ્વ-પરની ક્રમબદ્ધ અવસ્થા થાય છે એમ નિર્ણય થતાં અનંત પરપદાર્થોનો અહંકાર ઊડી જાય છે. હું જ્ઞાતાદ્રષ્ટા છું—એમ નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે. અહીં કહે છે અમોને આ ભક્તિનો ઊછાળો ઊઠયો છે; પર્યાયમાં કેવળજ્ઞાન નથી તે અપેક્ષાએ બાળક છું, પર્યાયની નબળાઈ છે, તોપણ ત્રણકાળ ત્રણલોકને જાણે એવા કેવળજ્ઞાનને મારા આત્મ-ઘરમાં સ્થાપું છું.

હે જિનેંદ્ર! જેવી રીતે લજ્જા રહિત બાળક જળમાં પ્રતિબિંબત ચંદ્રમાને પકડવા ચાહે છે તેવી રીતે લજ્જા રહિત હું બુદ્ધિ વિના આપની સ્તુતિ કરું છું. કેવળજ્ઞાન જેવું છે તે શ્રદ્ધામાં યથાર્થ આવેલ છે પણ પર્યાયમાં પ્રગટ નથી તેથી આપની પરમકળાની સ્તુતિનો પ્રયત્ન ચંદ્રમાને પાણીમાં પકડવા જેવો છે.

શ્રી રામચંદ્રજીએ નાનપણમાં ચંદ્રમાને જોયો ને તેને ઉતારવા માગે છે, તેથી રડતાં બાળકને રાજી રાખવા રાજા દિવાનને કહે છે કે મંત્રીજી! આ ચરમ શરીરી રાજા કેમ રોવે છે? તેનું સમાધાન કરો. દિવાને આવીને જોયું તો ચંદ્ર સામે જોઈને રામ ઊંચે જોયા કરે છે ને રડે છે તેથી દીવાન સમજી ગયો કે ચંદ્રમા નીચે ઉતારવા માંગે છે. તેથી રામને અરીસો આપ્યો. હાથમાં તે અરીસો લઈ ચંદ્રમા જોયો ને અરીસો ખીસ્સામાં નાખ્યો. આમ શ્રીરામચંદ્રજી શાંત થઈ ગયા. તેમ જ્ઞાની કહે છે કે તારો આત્મા સિદ્ધ સમાન છે. સિદ્ધ ભગવાન તો ઉપરથી નીચે તો આવતા નથી પણ પ્રતીત કર તો તારા જ્ઞાનમાં કેવળજ્ઞાનનું પ્રતિબિંબ ભાસે તો તારે અનંતા સિદ્ધ પરમાત્મા પાસે જવાનું થાશે.

હવે ભગવાનના ગુણની સ્તુતિ કરે છે.

કેવા ગુણો ગુણનિધિ! તુજ ચંદ્રકાંત,
છે બુદ્ધિથી સુરગુરુ સમ કો સમર્થ?
જ્યાં ઊછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે? ૪.

હે ગુણોના સમુદ્ર! તારા ગુણગાન વાણી દ્વારા પૂરા થઈ શકતા નથી. હે ગુણોના સમુદ્ર! હે નાથ! આપ ઉપશમ રસથી ભરેલાં છો. આપના ગુણોનું વર્ણન દેવતાના ગુરુ બૃહસ્પતિ પણ કરી શકતા નથી. રાગ ને વાણી દ્વારા નિર્મળાનંદ ચૈતન્યની સ્તુતિ થઈ શકતી નથી; પણ પોતે જ્ઞાન સ્વભાવનું ભાન કરી અંતરમાં ઠરવાથી આપની નિશ્ચય સ્તુતિ થાય છે. જ્યારે પ્રલયકાળ જેવો પવન જોરથી વાય અને સમુદ્ર ડામાડોળ થઈ આકાશમાં ઉછળી રહ્યો હોય, મોટા મોટા મગર અને મચ્છ મોઢા ફાડી બેઠા હોય એવા સમુદ્રને બે ભુજા વડે તરવા કોણ મનુષ્ય સમર્થ છે? જેમ એવો સમુદ્ર ભુજા વડે તરવો અશક્ય છે તેમ હે પ્રભુ! તારા ગુણ ગાન વાણીથી અને રાગથી પાર પડે તેમ નથી. મિથ્યાત્વરૂપ હઠ છોડી અંતરમુખ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવમાં ઠરે ત્યારે આપની ભક્તિ સેવા આરાધના થઈ કહેવાય છે.

તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિ રહિત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે,
ના થાય શું મૃગી શિશુ નિજ રક્ષવાને? ૫.

ભક્તામર ગણીને કાર્યની શરૂઆત કરીએ, દુકાને બેસીએ તો પૈસા મળે એવી આશા અજ્ઞાની જીવ રાખે છે પણ એવી આશા વૃથા છે. પુણ્ય-વિના ધન મળે નહિ અને ધનાદિની આશાથી ભજે તો પૂર્વના પુણ્ય ઓછા થઈ નવા પાપકર્મ બંધાય છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે હે મુનિજનો દેવની રુદ્ધિ જોઈને શું તેની ઇચ્છા થાય છે? શુભ વિકલ્પ અસ્થિરતા છે અને તેના ફળનો આદર કરવા જેવો નથી. ધર્મી જીવ ભોગાદિની સામગ્રી ઇચ્છતા નથી છતાં સહેજે મળે છે, તારા અંતર જ્ઞાનાનંદમય સામ્રાજ્યની મહિમા છોડી બાહ્ય સામ્રાજ્યની ઇચ્છા કરીશ નહિ.

હે મુનિના ઈશ! વર્તમાનમાં કેવળજ્ઞાન પ્રગટ થવાની તાકાત નથી છતાં કેવળજ્ઞાનના ગુણ ગાઈએ છીએ.

હે મુનિના ઇશ! આપ પરમેષ્ઠીપદમાં પરિપૂર્ણ ઇશ્વર છો. અમોને મુનિદશા વર્તે છે અને આપને કેવળજ્ઞાન વર્તે છે. કેવળજ્ઞાન લેવાની તાકાત વર્તમાનમાં નથી છતાં ભક્તિવશ વીતરાગતા પ્રત્યેનો ઉલ્લાસ તમારી સ્તુતિ કરવા પ્રેરે છે. શ્રી માનતુંગ આચાર્ય

કહે છે કે આપની સ્તુતિ કરવા મારી બુદ્ધિ ઉદ્યમી થઈ છે. મારામાં તાકાત નથી છતાં કહું છું. સિંહ હરણીયાના બચ્ચાને મારવા ધસે છે ત્યારે હરણીની પોતાની શક્તિ વિચાર્યા વિના સિંહને માથું મારવા ધસે છે. તેમ મારી પર્યાયમાં ઘણી કમજોરી છે, એનો ખ્યાલ છે છતાં પરમાત્મા પ્રત્યે જે પરમપ્રેમ ઉલ્લસે છે—અંતરથી ગુણી આત્માને પ્રેમ નિશ્ચયથી વર્તે છે અને વ્યવહારથી ભગવાન પ્રત્યે પ્રેમનો પ્રવાહ વર્તે છે તેથી આપની સ્તુતિ કરવા ઉદ્યમી થયો છું.

[ ક્રમશઃ ]

—o—

[ અચિંત્ય જ્ઞાનસ્વભાવ...પૃષ્ઠ ૧૩ થી ચાલુ ]

પોતાના ભગવાનમાં ભરપૂર આનંદનો ખોરાક ભર્યો છે પણ પોતાની સાથે વિરોધ કરીને પુણ્ય-પાપના વિકારમાં સુખ માનીને બહારના વિષયોમાંથી થોડું કરીને પૂરું સુખ મેળવવા માગે છે. થોડું પૈસામાંથી, થોડું સ્ત્રીમાંથી, થોડું ખાવામાંથી, થોડું કપડામાંથી, થોડું નાવા-ધોવામાંથી એમ બધેથી ભેગું કરીને પૂરું સુખ મળશે એમ માને છે. ભિખારીને ભરોસો નથી હોતો કે કોઈ મને આખી રોટલી આપશે કે નહિ એટલે બટકું રોટલીની ભીખ માગે છે. તેમ આ પણ બધા વિષયોને ભેગાં કરીને પૂરું સુખ મેળવવા માગે છે. પણ અરે, અતીન્દ્રિય આનંદનો નાથ તું પોતે જ છો તેને ચાટવા ન જતાં ભોગની વાસનામાં લીન થઈને કર્મો બાંધે છે અને તેના ફળમાં ફરી ફરી અનેક શરીરો અને લિંગો ધારણ કરીને હેરાન હેરાન થઈ રહ્યો છે.

[ ક્રમશઃ ]

—*—

## 卐 પરમ સત્ય તત્ત્વ 卐

આહાહા! દયા-દાનનો ભાવ થાય તે તો રાગ છે; તે રાગની પર્યાય તો જ્ઞાયકમાં નથી, પણ તે રાગના ભાવને જાણનારી વીતરાગી પર્યાય તે પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી. અહા! આવી સત્ય વસ્તુની વાત ક્યારે મળે? સાંભળવાય મળતી નથી. ભગવાન સર્વજ્ઞદેવે કહેલું પરમ સત્ય તત્ત્વ તો આ છે. તેને સંતો જગત પાસે જાહેર કરે છે; આડતિયા થઈને જાહેર કરે છે. માલ તો સર્વજ્ઞ ભગવાનનો છે. તને રુચે તો લે; ન રુચે તો તું સ્વતંત્ર છો; ત્રિકાળી પરમ સત્ય તો આ છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્માનુપ્રેક્ષામાં જૈનદર્શનનો સાર ગોઠવી દીધો છે. સમ્યગ્દૃષ્ટિ કેવું વસ્તુસ્વરૂપ વિચારે છે તે પણ આમાં વર્ણવ્યું છે. ધર્મ-અનુપ્રેક્ષાનું વર્ણન કરતાં પહેલાં સર્વજ્ઞદેવનુ સ્વરૂપ બતાવે છે. કેમ કે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞતા તે આત્માનું પૂર્ણ સ્વરૂપ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. તેમાંથી જ્ઞાનની પરિપૂર્ણ દશા પ્રગટે છે. તેનું નામ સર્વજ્ઞતા છે. સર્વજ્ઞતા બહારથી નથી આવતી. જેણે સર્વજ્ઞને ન માન્યા તેણે આત્માને ન માન્યો જ્ઞાનગુણને ન માન્યો, પર્યાયનું પરિપૂર્ણ સામર્થ્ય ન માન્યું, સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો ન માન્યાં. આત્માના જ્ઞાનસ્વભાવના અવલંબને રાગ અને અલ્પજ્ઞતાનો નાશ કરીને સર્વજ્ઞદશા પ્રગટી, તે સર્વજ્ઞદેવ ધર્મનું મૂળ છે. જેને સર્વજ્ઞની પ્રતીત નથી તેને આત્માની પ્રતીત થતી નથી ને તેને સમ્યગ્દર્શન થતું નથી. સર્વજ્ઞને જણાતા અલ્પજ્ઞતા કે રાગદ્વેષ સર્વજ્ઞને નથી તેથી મારા આત્માનું પણ તે સ્વરૂપ નથી. એમ રાગ અને અલ્પજ્ઞતામાં હેયબુદ્ધિ થઈને પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવમાં ઉપાદેયબુદ્ધિ થઈ તેનું નામ ધર્મ છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે, પણ તે સમ્યગ્દર્શન સર્વજ્ઞની પ્રતીત વગર થતું નથી, માટે અહીં એમ કહ્યું કે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞને જાણ્યા તેણે આત્માનો પરિપૂર્ણ સ્વભાવ જાણ્યો. સર્વજ્ઞ થવાની પ્રતીતિ થઈ એટલે અલ્પજ્ઞતા અને રાગનો તે જ્ઞાતા રહ્યો, પણ તેની રુચિ ન રહી. સર્વજ્ઞદેવ કાંઈ ન જાણે એમ બને જ નહીં. કોઈ કહે કે અમુક અપેક્ષીત ધર્મોને સર્વજ્ઞ ન જાણે તો એમ બને જ નહીં. જે ધર્મ શ્રુતજ્ઞાનમાં જણાય તે કેવળજ્ઞાનમાં ન જણાય એમ કેમ બને? અહો! સર્વજ્ઞતા તો આત્માનો સ્વભાવ છે. તે શું ન જાણે? સર્વજ્ઞતા નક્કી કરે તો પદાર્થોમાં ત્રણકાળની પર્યાય ક્રમબદ્ધ થાય છે એ પણ નક્કી થઈ જાય એટલે પોતે જ્ઞાતાદૃષ્ટા રહી જાય. માટે પહેલાં અહીં ધર્મના મૂળ તરીકે સર્વજ્ઞને વર્ણવે છે.

यः जानाति प्रत्यक्षं त्रिकालगुणपर्यायैः संयुक्तम् ।
लोकालोकं सकलं सः सर्वज्ञः भवेत् देवः ॥ ३०२ ॥

અર્થ :— ત્રિકાલગોચર સમસ્ત ગુણ-પર્યાયો સહિત સંપૂર્ણ લોક-અલોકને જે પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞદેવ છે. ૩૦૨.

અનંતા દ્રવ્યો અનંતા ગુણો, તેમાં એકેક ગુણની ત્રણ કાળની અનંતી પર્યાયો, એકેક પર્યાયમાં અનંતા અવિભાગ-પ્રતિચ્છેદો તે બધાને કેવળજ્ઞાન જાણે છે. કેવળજ્ઞાનમાં બીજા અનંત સિદ્ધભગવંતો જણાય છે. જ્ઞાનગુણની એક પર્યાયનું કેટલું સામર્થ્ય! અપૂર્ણ જાણે

એવી સર્વજ્ઞદશા ન હોય. સર્વજ્ઞભગવાન તો એક સમયમાં ત્રણકાળ ને ત્રણલોકને જાણે છે. પણ એમ નથી કે ભવિષ્યની પર્યાય થશે ત્યારે જાણશે! ભવિષ્યમાં કયા સમયે કઈ પર્યાય થશે તે બધું અત્યારે જ સર્વજ્ઞના જ્ઞાનમાં જણાઈ ગયું છે. આવા સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય કરવો તેમાં જ અપૂર્વ પુરુષાર્થ છે. "કેવળી ભગવાને દીઠા હશે તેટલા ભવ થશે પછી પુરુષાર્થ કરવાનું ક્યાં રહ્યું?" એમ કોઈ કહે તો તેને કહે છે કે અરે ભાઈ! તેં સર્વજ્ઞની પ્રતીત કરી છે? જો સર્વજ્ઞની પ્રતીત કરે તો તેમાં જ્ઞાનનો પુરુષાર્થ આવી જાય છે, ને તેને અનંત ભવ હોતા જ નથી. ભગવાને તેના અનંતા ભવ દેખ્યા જ નથી. સર્વજ્ઞનો નિર્ણય કરે તેને રાગ અને અલ્પજ્ઞતાની દૃષ્ટિ છૂટીને સ્વભાવ દૃષ્ટિનો પુરુષાર્થ થઈ જાય છે.

ભાવાર્થ :— આ લોકમાં જીવદ્રવ્ય અનંતાનંત છે. તેનાથી અનંતાનંતગુણા પુદ્‌ગલ દ્રવ્યો છે. એક એક આકાશ, ધર્મ અને અધર્મદ્રવ્ય છે તથા અસંખ્યાતા કાળાણુ દ્રવ્યો છે. લોકાકાશની પાર (–આસપાસ) અનંતપ્રદેશી આકાશ દ્રવ્ય છે તે અલોક છે. તે સર્વ દ્રવ્યોનો અનંત સમયરૂપ ભૂતકાળ તથા તેનાથી અનંતગુણા સમયરૂપ ભવિષ્યકાળ છે. તે કાળના સમય સમયવર્તી એક દ્રવ્યના અનંત અનંત પર્યાય છે. તે બધાય દ્રવ્ય–પર્યાયોને યુગપત્ (એકસાથે) એક સમયમાં પ્રત્યક્ષ સ્પષ્ટ ભિન્ન ભિન્ન જેમ છે તેમ જેનું જ્ઞાન જાણે છે તે સર્વજ્ઞદેવ છે.

ત્રણ કાળના સમયો કરતાં પણ અલોકના પ્રદેશો અનંતગુણા છે. કાળના સમયમાં પણ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળના સમયો અનંત ગુણા છે. આવા વસ્તુ–સ્વભાવને જાણવાનો તારા જ્ઞાનનો સ્વભાવ છે. બસ! આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને સ્વસન્મુખ દૃષ્ટિ ફેરવ —એ જ ધર્મ છે. જગતમાં અનંતા દ્રવ્યો છે. એકેક દ્રવ્યમાં અનંતા ગુણો છે ને એક સાથે અનંતગુણોની અનંતી પર્યાયો (દરેક ગુણની એકેક પર્યાય) છે, ને તે દરેક પર્યાયમાં અનંત અવિભાગ-પ્રતિચ્છેદ પડે છે, તે બધાયને કેવળજ્ઞાન ભિન્ન ભિન્ન જાણે છે. આવા કેવળજ્ઞાનના સામર્થ્યની કબૂલાત કરે તેના જ્ઞાનમાં પણ અનંતું સામર્થ્ય આવે છે. તેમાં પ્રતીત આવી, પુરુષાર્થ આવ્યો. સર્વજ્ઞતામાં બધુંય ભિન્ન ભિન્ન જણાય છે ને સર્વદર્શીપણું તો બધું સામાન્યરૂપે દેખે છે. સર્વજ્ઞતા જેને પ્રગટી છે તે જ દેવ છે. એ સિવાય બીજા દેવો તે તો કહેવામાત્ર છે. દિવ્યજ્ઞાન જેને હોય તે જ દેવ છે. અહો! ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થોને પ્રત્યક્ષ ન જાણે તો તે જ્ઞાનને 'દિવ્ય' કોણ કહે? સર્વજ્ઞતાની જેને પ્રતીત નથી તેને ધર્મની જ પ્રતીત નથી, તેને કિંચિત ધર્મ થતો નથી. સર્વજ્ઞતા તે જીવની એક પર્યાયનો સ્વભાવ છે, તે સર્વજ્ઞતાને ન માને તો તેણે આત્માના જ્ઞાન-સ્વભાવને જ નથી માન્યો, તે મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છે ને તેમાં જે કાળે જે પર્યાય દેખી છે તે જ પર્યાય થાય છે, તેમાં ફેરફાર થતો નથી. આમ જે નથી માનતો તે જીવ પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે એ વાત આગળ ૩૨૧–૩૨૨–૩૨૩ ગાથામાં આવશે.

વસ્તુની અમુક પર્યાય નિયત અને અમુક પર્યાય અનિયત એમ નથી. દરેક સમયની પર્યાય તો નિયત છે. અનિયતપણું કહેવું હોય તો આ અપેક્ષાએ કહી શકાય કે નિયત સ્વભાવ સિવાયના બીજા પુરુષાર્થ વગેરે ધર્મ તે અનિયત છે. "નિયત" સિવાયના બીજા ધર્મો તે અનિયત છે નિયત સિવાયના બીજા ચાર સમવાયો છે તે 'નિયત' ધર્મરૂપે નથી માટે તેમને "અનિયત" કહેવાય છે.

વસ્તુમાં ત્રણેકાળની અવસ્થાઓ ક્રમબદ્ધ જ થાય છે, કોઈ અવસ્થા આડી-અવળી થતી નથી-આવો જ વસ્તુસ્વભાવ છે. વસ્તુસ્વભાવના આ મહાસિદ્ધાન્તનું રહસ્ય નહિ સમજનારા અજ્ઞાનીઓ કહે છે કે આ એકાંતવાદ થઈ જાય છે પણ ખરેખર તો તેમાં જ અનેકાંતવાદ છે, કેમકે નિયતની સાથે જ પુરુષાર્થ, જ્ઞાન, શ્રદ્ધા વગેરે ધર્મો પણ રહેલા જ છે. નિયત સ્વભાવના નિર્ણયની સાથે રહેલા સમ્યક્ પુરુષાર્થને, સમ્યક્ શ્રદ્ધાને સમ્યગ્જ્ઞાનને, સ્વભાવને વગેરેને ન સ્વીકારે તો જ એકાંતવાદ કહેવાય.

અજ્ઞાની તો નિયત વસ્તુ-સ્વભાવના નિર્ણયમાં આવી જતો જ્ઞાનનો પુરુષાર્થ, સર્વજ્ઞના નિર્ણયનો પુરુષાર્થ, સ્વ-સન્મુખ શ્રદ્ધા-જ્ઞાન વગેરેને સ્વીકાર્યા વગર જ નિયતની (-જેમ થવાનું હશે તેમ થશે એવી) વાત કરે છે તેથી તેને તો એકાંત નિયત કહેવાય.

પરંતુ જ્ઞાની તો નિયત વસ્તુ-સ્વભાવના નિર્ણયમાં સાથે જ રહેલા એવા સમ્યક્ પુરુષાર્થને, સ્વસન્મુખ જ્ઞાનને શ્રદ્ધાને, સ્વભાવને, કાળને, નિમિતને બધાને સ્વીકારે છે. તેથી તે મિથ્યા નિયત નથી, પણ સમ્યક્ નિયતવાદ છે, તેમાં જ અનેકાંતવાદ આવી જાય છે.

નિયતને અને તેની સાથે નિયત સિવાયના બીજા અનિયતને (એટલે કે પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રદ્ધા, નિમિત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે. માટે તેને નિયત, અનિયતનો મેળ થયો. અહીં 'અનિયત'નો અર્થ 'અક્રમબદ્ધ' એમ ન સમજવો. પણ નિયતની સાથે રહેલા નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં 'અનિયત' કહ્યા છે -એમ સમજવું. એ રીતે વસ્તુમાં 'નિયત' 'અનિયત' બંને ધર્મો એક સમયે એક સાથે છે એટલે અનેકાન્ત સ્વભાવ છે ને તેની શ્રદ્ધામાં અનેકાંતવાદ છે.

ક્રમબદ્ધ પર્યાયમાં પુરુષાર્થ વગેરેનો ક્રમ પણ ભેગો જ છે, તેથી ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતમાં પુરુષાર્થ વગેરેની પ્રતીત પણ આવી જ જાય છે, પુરુષાર્થ કાંઈ ક્રમબદ્ધ પર્યાયોથી જુદો રહી જતો નથી, એથી નિયતના નિર્ણયમાં પુરુષાર્થ ઊડી જતો નથી પણ ભેગો આવી જ જાય છે. માટે નિયત સ્વભાવની શ્રદ્ધા તે અનેકાંતવાદ છે એમ સમજવું. જે વસ્તુના પર્યાયોને નિયત-ક્રમબદ્ધ થતા ન માને અથવા તો ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં રહેલા સમ્યક્ પુરુષાર્થને ન માને તેને અનેકાંતમય વસ્તુ-સ્વભાવની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞની પ્રતીત પૂર્વક જેણે નિયતનો નિર્ણય કર્યો તેણે પોતાના પુરુષાર્થથી રહીને તે નિર્ણય કર્યો છે ને પોતાની પર્યાયના સ્વકાળમાં નિર્ણય કર્યો છે ને પર નિમિત્તોના અભાવપણે રહીને તે નિર્ણય કર્યો છે, એટલે નિયતના નિર્ણયમાં એક સમયમાં પાંચે સમવાય સમાઈ જાય છે ને સ્વભાવ-સન્મુખ દૃષ્ટિ થઈને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. એટલે મોક્ષમાર્ગ થઈ ગયો.

સર્વજ્ઞદેવ એક સમયમાં બધા પદાર્થોને ને ત્રણકાળને જાણે છે આવા સર્વજ્ઞ છે તે જ દેવ છે ને એવા સર્વજ્ઞદેવ ધર્મનું મૂળ છે.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવશે તે ધર્મનું યથાર્થ સ્વરૂપ ઇન્દ્રિયગોચર નથી પણ અતીન્દ્રિય છે અને તેનું ફળ સ્વર્ગ-મોક્ષ છે તે પણ અતીન્દ્રિય છે.

છએ દ્રવ્યો, તથા તેના ગુણ-પર્યાય પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય તેવા છે. જીવ વગેરે પાંચ અરૂપી દ્રવ્યો છે, તે તો ઇન્દ્રિયગમ્ય નથી ને પુદ્‌ગલ પરમાણુ પણ ઇન્દ્રિયગમ્ય નથી, ઇન્દ્રિયથી દેખાય છે તે સ્થૂલ પર્યાય છે, તે મૂળ દ્રવ્ય નથી, મૂળ દ્રવ્ય તો ઇન્દ્રિયગોચર નથી. છ દ્રવ્યો અતીન્દ્રિય ગમ્ય છે, તેના ગુણો ને તેની પર્યાયો પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય તેવા છે. વળી જીવની ગુણસ્થાન વગેરે પર્યાયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મુનિદશા વગેરે ઇન્દ્રિયગમ્ય નથી. તે બધું અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે ને તેને જાણનારું જ્ઞાન અતીન્દ્રિય છે. વળી ધર્મના ફળરૂપે જે સ્વર્ગ-મોક્ષ વગેરે છે તે પણ ઇન્દ્રિયથી જણાતા નથી, તે પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. તે સ્વર્ગાદિ અનુમાનથી જણાય છે ખરા, પણ તે અનુમાન ક્યારે સાચું કહેવાય? કે અંશે પ્રત્યક્ષજ્ઞાન થયું હોય તો તે અંશ પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન સાચું કહેવાય. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે ધર્મ અને ધર્મનું ફળ તે અતીન્દ્રિય જ્ઞાનથી જ ગમ્ય છે ને તેનું અતીન્દ્રિયજ્ઞાન સર્વજ્ઞને જ હોય છે. તેથી અતીન્દ્રિય એવા સર્વજ્ઞને ઓળખ્યા વગર ધર્મ થઈ શકે નહિ. ભવિષ્યની સ્વર્ગ, મોક્ષ વગેરે પર્યાયો તે ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી, પણ અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે. સર્વજ્ઞતાનો નિર્ણય કર્યા વગર ધર્મનું એક પગલું પણ આગળ નહિ ચાલે. અહો! કેવળજ્ઞાન તો "સર્વચક્ષુ" છે. "આગમચક્ષુ" તે પરોક્ષ છે. અજ્ઞાની જીવો "ઇન્દ્રિયચક્ષુ" છે. છદ્મસ્થ જ્ઞાનીને અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન થયું છે પણ હજી પૂર્ણ પ્રત્યક્ષ નથી. આત્માના અસંખ્ય પ્રદેશો તેમજ ત્રણકાળ ત્રણલોક કાંઈ તેમાં પ્રત્યક્ષ નથી દેખાતા, સ્વસંવેદન અપેક્ષાએ પ્રત્યક્ષપણું છે ને કેવળી ભગવાનને તો બધું પૂર્ણ પ્રત્યક્ષ છે. આખોય જ્ઞાનસ્વભાવ તેમને ખીલી ગયો છે. તે જ્ઞાનનું સામર્થ્ય અનંત અનંત છે, આકાશની અનંતતા કરતાં પણ તેના સામર્થ્યની અનંતતા છે. સર્વજ્ઞ શક્તિ તે પર્યાયનું પરિપૂર્ણ સામર્થ્ય બતાવે છે. તેનું વર્ણન સમયસારની ૪૭ શક્તિઓમાં

કહ્યું છે. સર્વજ્ઞશક્તિની પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય છે. ખરેખર આત્મા એકલી ક્ષયોપશમ પર્યાયના અવલંબનથી જણાતો નથી. સ્વભાવના અવલંબને આત્મા જણાય છે. એક સમયની ક્ષયોપશમ પર્યાય જેટલો આખો આત્મા નથી. સર્વજ્ઞદેવની આજ્ઞા તે ધર્મ છે. સર્વજ્ઞદેવની આજ્ઞા એટલે શું? કે સર્વજ્ઞ જેવા પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવની પ્રતીત કરવી ને અલ્પજ્ઞતા તથા રાગની રુચિ છોડવી, તથા તે સ્વભાવની સન્મુખ એકાગ્ર થઈને સર્વજ્ઞતા પ્રગટ કરવી એનું નામ સર્વજ્ઞદેવની આજ્ઞા છે. જેણે સર્વજ્ઞ સ્વભાવને નથી માન્યો તે જીવે ખરેખર સર્વજ્ઞની આજ્ઞા માની નથી. સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણ જે કથન હોય તે જ પ્રમાણ છે.

કેવળી ભગવાનની દિવ્યધ્વનિમાં બધું રહસ્ય એક સાથે આવે છે. ઉત્કૃષ્ટ શ્રોતાની જેટલું સમજવાની યોગ્યતા હોય તે બધુંય ભગવાનની વાણીમાં એક સમયમાં એક સાથે આવે છે. શ્રોતા તરીકે કાંઈ કેવળજ્ઞાની તો હોય નહીં. છઠ્ઠા ગુણસ્થાન સુધીના જીવો શ્રોતા હોય, તેને તો ક્ષાયોપશમિક જ્ઞાન જ હોય, ને તેને જેટલું સમજવાની તાકાત હોય તે બધુંય સર્વજ્ઞની વાણીમાં આવે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં તો બધું એક સાથે જણાય છે. એવા સર્વજ્ઞની વાણી પ્રમાણરૂપ છે ને તે સર્વજ્ઞની પરંપરામાં સંતોએ જે ષટ્ખંડાગમ સમયસારાદિ શાસ્ત્રો રચ્યા છે તે પણ પ્રમાણ છે. વાચ્યને સમજનારા જીવો સર્વજ્ઞની પરંપરામાં થયા, તેમની વાણી તે પણ આગમ છે. આગમનો આશય સમજનારા જીવો પણ પરંપરા થતાં આવ્યા છે. સમજનારા વગર એકલી વાણીને આગમ કહેવાય નહીં. આગમનો આશય સમજનારા પુરુષોની પરંપરા સર્વજ્ઞથી ચાલી આવી છે. માટે તે આગમ પ્રમાણ છે. જ્ઞાનની પરંપરા વગર વાણીની પરંપરા કહેવાય નહીં માટે મૂળ કહેનારા સર્વજ્ઞ હોવા જોઈએ અને તેની પરંપરાએ તેનો આશય ઝીલનારા સંતો હોય તેની વાણી પણ પ્રમાણ છે પણ સર્વજ્ઞની પરંપરા જેમાં ન હોય તે વાણી પ્રમાણ નથી.

એક સર્વજ્ઞનો નિર્ણય કરે તો તેમાં અનંત સર્વજ્ઞોનો નિર્ણય થઈ જાય છે. અનંત સર્વજ્ઞો છે તેનું ક્ષેત્ર સિદ્ધલોક છે. સદેહે વિચરતા સર્વજ્ઞો છે તેનું ક્ષેત્ર મહાવિદેહ વગેરે છે....એમ બધાનો નિર્ણય સર્વજ્ઞના નિર્ણયમાં આવી જાય છે. સર્વજ્ઞના સામર્થ્યનો નિર્ણય કરતાં જ્ઞાનસ્વભાવની સન્મુખ દૃષ્ટિ જાય છે ને ધર્મ થાય છે. માટે ધર્મ કરનારે પહેલાં સર્વજ્ઞનો નિર્ણય કરવો જોઈએ. સર્વજ્ઞના નિર્ણય વિના ધર્મ થઈ શકે નહીં.

[ ક્રમશઃ ]

—o—

(તા. ૧૦-૯-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

જેમના મંગલમય તેમ જ કલ્યાણકારી અભ્યુદયથી આ શતાબ્દી 'અધ્યાત્મયુગ'ના રૂપમાં પ્રસિદ્ધ થઈ તે આપણા સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચા આદિની ઓડિયો–ટેપ, જિનેન્દ્ર-દર્શન–પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર પર (૧૫મી વખતનું) ટેપ–પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ. પૂજ્ય બહેનશ્રીના સાધનારૂમમાં સ્તુતિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે.

* તા. ૨૫–૮–૯૦ શનિવાર થી તા. ૩–૯–૯૦ સોમવાર સુધી દશલક્ષણધર્મ પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં જ્ઞાનવૈરાગ્યરસપૂર્ણ ટેપ–પ્રવચનો, શાસ્ત્રવાંચન, દશલક્ષણ–મંડલવિધાન-પૂજા ભક્તિ તેમ જ પ્રતિક્રમણ આદિ ભવ્ય સમારોહપૂર્વક દશલક્ષણપર્યુષણ પર્વ સાનંદ ઉજવાયો હતો. આ પ્રસંગે દશલક્ષણમંડલવિધાન પૂજા (૧) શ્રી જયાબેન લખુભાઈ વાલાણી, બોટાદ, હસ્તે શ્રી નયનભાઈ તરફથી રાખવામાં આવી હતી.

* ભાદરવા સુદ પૂર્ણિમાના દિને પ્રતિવર્ષાનુસાર સવારે જિનેન્દ્રપૂજન બાદ ભક્તિ-ઉલ્લાસ પૂર્વક જિનેન્દ્ર–રથયાત્રા કાઢવામાં આવી હતી.

* ભાદરવા વદ એકમ તા. ૫–૯–૯૦ બુધવારના રોજ જિનેન્દ્ર પૂજા, 'આલોચના–અધિકાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી પ્રવચન, વીતરાગ દેવ–શાસ્ત્ર–ગુરુ તેમજ પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાપ્રાર્થના ઇત્યાદિ સમારોહ પૂર્વક અતિ હર્ષોલ્લાસ સહિત ઉત્તમ ક્ષમાવણી પર્વ ઉજવવામાં આવેલ. બહારગામથી પણ અનેક મુમુક્ષુઓએ ઉપરોક્ત પ્રસંગોનો લાભ લીધો હતો.

* પર્યુષણપર્વ પ્રસંગે રાત્રે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની તત્ત્વચર્ચાની વિડિયો બતાવવામાં આવતી; જે જોતા–સાંભળતા પૂજ્ય બહેનશ્રીનો જાણે સાક્ષાત્ લાભ મળતો હોય તેમ અનુભવાતું હતું.

* ક્ષમાવણીના પવિત્ર-દિન નિમિત્તે મોમ્બાસા નિવાસી (હાલ–લંડન) શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ તરફથી મુમુક્ષુમંડળને સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

* પ્રતિવર્ષ અનુસાર આ વર્ષે પણ 'શ્રી મહાવીર–નિર્વાણ' નિમિત્તે દીપાવલીના મંગલ અવસરે સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આસો વદ ૧૧, રવિવાર, તા. ૧૪–૧૦–૯૦ થી આસો વદ ૦)), ગુરુવાર, તા. ૧૮–૧૦–૯૦ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક' પૂજા–સમારોહ રાખવામાં આવ્યો છે. દીપાવલી–મહોત્સવ તેમજ 'શ્રી જિનેન્દ્ર–પંચકલ્યાણક' પૂજા–સમારોહનો લાભ લેવા માટે દર વર્ષે બહારગામથી પણ અનેક મુમુક્ષુઓ આવે છે. કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો મંગલ દિવસ પણ પૂજા ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે. ઉપરોક્ત પ્રસંગોમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમજ ભક્તિનો પણ લાભ મળશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમજ પૂજ્ય બહેનશ્રીના સ્વર્ગવાસની માસિકતિથિએ રોજના ધાર્મિક કાર્યક્રમ ઉપરાંત આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા ભક્તિ–વૈરાગ્યરસભીના ભાવે પૂજા અને ભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવે છે.

* આગામી અષ્ટાહ્નિકા પ્રસંગે કોઈ પણ મુમુક્ષુમંડળને વાંચનકાર વિદ્વાનની જરૂર હોય તેઓએ 'શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ' ને પત્ર દ્વારા જાણ કરવી.

* 'આત્મધર્મ'–માસિક અંકોની ૧–૧ વર્ષની બાઈન્ડિંગ કરેલી ફાઈલો સંસ્થા તરફથી માત્ર પોસ્ટેજ ચાર્જ લઈને ભેટ આપવામાં આવે છે. જે મુમુક્ષુઓને કે મંડળોને જૂના વર્ષોની ફાઈલો જોઈતી હોય તેમણે 'શ્રી દિ. જૈન સવાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ' ને લખવું.

## વૈરાગ્ય સમાચાર :—

* વિંછીયાનિવાસી (હાલ મુંબઈ) સ્વ. ચુનીલાલ ઝવેરચંદ અજમેરાના ધર્મપત્ની શ્રી હીરાબહેન (વર્ષ–૭૦) તા. ૨૬–૫–૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઇન્દોરનિવાસી શ્રી કાંતાગૌરી જયંતીલાલ ગોડા તા. ૨૬–૬–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* આહોરનિવાસી (રાજસ્થાન) શ્રી પાર્વતીબેન સોહનરાજ બોહરા (વર્ષ–૬૦) તા. ૬–૭–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી શ્રી જેકુરબેન ગોકળદાસ (વર્ષ–૭૩) તા. ૯–૭–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* પાલેજનિવાસી શ્રી ગોદાવરીબેન કુંવરજીભાઈ (વર્ષ–૯૫) તા. ૧૦–૭–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી શ્રી રવિચંદભાઈ વિકમચંદ સંઘવી (વર્ષ–૬૪) તા. ૧૯–૭–૯૦ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી રામજીભાઈ રૂપશીભાઈ છેડા (વર્ષ–૮૬) તા. ૨૨–૭–૯૦ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે અને તેમના ધર્મપત્ની શ્રી ગંગાબેન રામજીભાઈ છેડા (વર્ષ–૭૬) તા. ૨૧–૭–૯૦ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા.

* અમદાવાદનિવાસી શ્રી છબીલદાસ શીવલાલ સંઘવી (વર્ષ–૫૯) તા. ૧–૯–૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શશીભાઈ શેઠના પિતાશ્રી મનસુખભાઈ શેઠ (વર્ષ–૮૨) તા. ૧૮–૮–૯૦ના રોજ હાર્ટ ફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અલૌકિક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—*—

[ અધ્યાત્મ-પુષ્પો ........ટાઇટલ ૩ થી ચાલુ ]

□ ભાઈ! તારી મોટપનો પાર નથી. જાત્રા ને વ્રતાદિ ક્રિયાકાંડનો સ્થૂળ રાગ અને તેનાથી આત્માને કાંઈ લાભ થાય એ વાત તો ક્યાંય રહી ગઈ, પણ 'હું બંધાયેલો નથી' એવા વિકલ્પથી પણ આત્મા હાથ આવે એમ નથી. એ પણ વૃત્તિનું ઉત્થાન છે ને? એવી વૃત્તિને પણ છોડ તો તને અબદ્ધસ્વરૂપનો અનુભવ થશે. વિકલ્પને છોડીને અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા; ત્યારે તને સમ્યગ્દર્શન થશે.

□ ભગવાન જ્ઞાયક આત્મા તત્ત્વ છે ને? એ ધ્રુવ તત્ત્વ છે, પલટનારી પર્યાયથી—પર્યાયની હલચલથી—ભિન્ન છે. એવા જ્ઞાયકસ્વભાવને ખરેખર કોઈ પર્યાયવેષ નથી, કોઈ પયાય-અપેક્ષા નથી, સંવર, નિર્જરા ને મોક્ષપર્યાયની પણ અપેક્ષા નથી; કેમ કે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં તો કોઈ પર્યાયભેદ છે જ નહિ. આહાહા! આવી વાત છે બાપુ! બહુ આકરું ભાઈ! અભ્યાસ હોવો જોઈએ. આ મૂળ ચીજ છે; ત્યાંથી શરૂઆત કરવાની છે. જ્ઞાયક વગરની બીજી બધી રીતની શરૂઆતમાં અભિમાન થશે કે 'અમે ત્યાગ કર્યો છે', 'અમે બાળબ્રહ્મચારી છીએ', 'અમે પડિમા ધારણ કરી છે'—એ બધું મિથ્યાત્વનું અભિમાન છે.

□ પ્રભુ! તું એક સમયમાં અનંત અનંત ગુણની લક્ષ્મીથી ભરપૂર જ્ઞાયક છો, દ્રવ્ય છો, અનંત સંપદાનો નાથ છો; સમ્યગ્દર્શનના વિષયસ્વરૂપ એવા તારા ધ્રુવ જ્ઞાયકસ્વભાવમાં ભાવલિંગનો પણ અભાવ છે. પૂર્ણાનંદના નાથ એવા જ્ઞાયકદ્રવ્યની પ્રતીતિ, અનુભવમાં પૂર્ણાનંદના નાથનું જ્ઞાન અને તેમાં સ્થિરતા—તે ત્રણ દશાએ પણ જ્ઞાયકમાં નથી. ધ્રુવ જ્ઞાયકભાવને કોઈ પણ પર્યાયની અપેક્ષા નથી. પરમાર્થે તે જ્ઞાયકમાં કોઈ પણ પર્યાયનો વેશ નથી.

□ અંદરના જ્ઞાયકસ્વભાવને તો કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે? શરીર જ્યાં ને જ્યારે છૂટવાનું હોય છે ત્યારે તે છૂટશે જ; તેનો તને ડર કેમ લાગે છે કે અરેરે! 'હું' મરી જઈશ! 'તું' મરી જઈશ? કે શરીર છૂટી જશે? તું તો અનાદિ અનંત ત્રિકાળી વસ્તુ છો. વસ્તુ જન્મે-મરે? આત્મવસ્તુ તો અજન્મ છે. જન્મજયંતી ઉજવાય છે ત્યાં કોની જન્મની જયંતી? દેહ જન્મ્યો તે તો ધૂળનો જન્મ છે, લોકોને પ્રેમ હોય ને ઊજવે પણ આ તો પોતે, જયંતી ઉજવાય તો, રાજી રાજી થઈ જાય! પોતાની જન્મજયંતી ઉજવાય નહિ ત્યાં ન રહેવું અને ઉજવાય ત્યાં જવું—એનો શો અર્થ થયો? જન્મ જયંતીની ઊજવણી એ તો તુચ્છ વસ્તુ છે—એમાં રાજીપો શો?

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

### ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

# અધ્યાત્મ–પુષ્પો

☐ નિયમસારની ૩૮ મી ગાથામાં પર્યાય વિનાની ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકચીજને નિશ્ચય આત્મા કહેલ છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—તે સાતેય પર્યાય છે. પર્યાયની સ્થિતિ એક સમયની છે તેથી તે નાશવાન છે. ત્રિકાળ અવિનાશી જે ધ્રુવ જ્ઞાયક વસ્તુ તે જ નિશ્ચય-આત્મા, સત્ય-આત્મા, સત્યાર્થ-આત્મા કહેવાય છે. ત્રિકાળી જ્ઞાયક પૂર્ણ સત્તાને અવિનાશી સત્-આત્મા કહે છે; પર્યાય તે ત્રિકાળી ધ્રુવ સત્-આત્મા નથી, તે નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય પણ, દરેક સમયે તે બદલતી હોવાથી, નાશવાન છે.

☐ સમયસારની ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે—ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભગવાન આત્મા બંધના માર્ગને, બંધને, મોક્ષના માર્ગને ને મોક્ષને કરતો નથી; કેમ કે તે પર્યાય છે. કાર્ય તો બધું પર્યાયમાં થાય છે, ધ્રૌવ્ય તો ત્રિકાળી સાદૃશ્ય એકરૂપ છે; તે ધ્રૌવ્યમાં ક્યાં કાંઈ કાર્ય થાય છે? નિશ્ચયથી તો તે એક પરમાર્થ-આત્મા છે. કેવળજ્ઞાનની કે સિદ્ધની પર્યાય સમયે સમયે પલટતી હોવાથી, બદલતી હોવાથી, તે નાશવાન છે. એ અપેક્ષાએ ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ વસ્તુ જે એકરૂપ સાદૃશ્ય છે તેને નિશ્ચય સત્ય આત્મા કહેલ છે. તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. નિશ્ચય મોક્ષમાર્ગની ને મોક્ષની પર્યાય તે વ્યવહાર આત્મા છે અને ત્રિકાળી ધ્રૌવ્ય તે નિશ્ચય આત્મા છે—એમ એક આત્મામાં બે પ્રકાર કહ્યા છે.

☐ અહા મુનિની દશા! ત્રણ કષાયના અભાવસ્વરૂપ વીતરાગી પર્યાય અને અંદર અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન—એ મુનિપણાની પર્યાય પણ ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં નથી. હજી તો શરીર આત્મામાં નથી, શરીર શરીરમાં છે ને હું તેનાથી તદ્દન ભિન્ન છું—એ વાત પણ નથી બેસતી, ત્યાં નિર્મળ પર્યાય પણ ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં નથી અને ધ્રુવ દ્રવ્યસ્વભાવ પર્યાયમાં આવી જતો નથી—એ તો ઘણું ઝીણું પડે. પણ હવે તો લોકો આ વાત સાંભળે છે. આહાહા! ત્રિકાળ એકરૂપ ધ્રુવ જ્ઞાયકમાં મુનિનો ભેખ પણ નથી. બહારમાં નગ્નપણું અને અંદર પંચમહાવ્રત, સમિતિ વગેરેના શુભ વિકલ્પ—એ કાંઈ મુનિપણાનો પરમાર્થ ભેખ નથી; પણ અંદર આત્માના ભાન સહિત ત્રણ કષાયનો અભાવ થયો અને આનંદના પ્રચુર સંવેદનરૂપ દશા પ્રગટ થઈ—એવો મોક્ષનો માર્ગ મુનિને જે પ્રગટ થયો તે પણ ધ્રુવ જ્ઞાયકમાં નથી.

[ અનુસંધાન માટે જુઓ સામે પાને ]

# 卐 ક્ષમાપના 卐

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના.
મન–વચન–કાય થકી થયા જાણ્યે–અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને.

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે–અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ–પરિવાર ક્ષમા માગે છે. —સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'